ગુજરાત સમાચાર
27 નવેમ્બર 2026, શુક્રવાર
ગ્રીનકાર્ડ



તાપસી પન્નુએ ડિપ્રેશન દૂર કરવા જ્યારે થેરપીનું શરણું લીધું

‘એક સમય એવો હતો જ્યારે કોઈ સાવ માનસિક રીતે પડી ભાંગે ત્યારે જ સાઈકો થેરપિસ્ટની મદદ લેતા. આજે એવું નથી. માનસિક સ્વાસ્થ્ય એટલે વર્તમાનમાં રહેવું અને મનની શાંતિ મેળવવી. જો તમારું મન વિચલિત હોય તો તમારું ચિત્ત ક્યાંય ન ચોંટે. શો-બિઝનેસ તમને ડિપ્રેશનમાં ધકેલી દે છે.’

દરેક મુદ્દે પોતાના અભિપ્રાય શબ્દો ચોર્યા વિના રજૂ કરવા માટે જાણીતી અભિનેત્રી તાપસી પન્નુ જો એમ કહે કે તેણે એક તબક્કે માનસિક તાણમાંથી મુક્તિ મેળવવા થેરપીનો સહારો લીધો હતો, તો તમે માનો ખરા? આ પ્રશ્નનો જવાબ મોટાભાગે ‘ના’માં આવે તોય આ વાત શતપ્રતિશત સાચી છે. તાજેતરમાં તાપસીએ સ્વયં આ વાત કબૂલ કરી હતી.

અદાકારાએ કહે છે, ‘એક સમય એવો હતો જ્યારે મારા મતે માનસિક તાણની સારવાર માત્ર ગંભીર માનસિક વ્યાધિ દરમિયાન જ લેવાય, જ્યારે કોઈ સાવ પડી ભાંગે ત્યારે જ થેરપિસ્ટની મદદ લે. પણ ધીમે ધીમે મને સમજાયું કે માનસિક સ્વાસ્થ્ય એટલે વર્તમાનમાં રહેવું અને મનની શાંતિ મેળવવી. જો તમારું મન વિચલિત હોય તો તમારું ચિત્ત ક્યાંય ન ચોંટે અને તમે સતત અસ્વસ્થતા અનુભવો. શો-બિઝનેસ તમને ડિપ્રેશનમાં ધકેલી દે છે.’

તાપસી ઘણા સમય સુધી માનસિક તાણ સહન કરતી રહી હતી, પરંતુ કોરોના મહામારીના લોકડાઉન વખતે તેની મનના ખૂણે દબાવી રાખેલી ચિંતા અને વ્યથા સપાટી પર આવી ગઈ. તે કહે છે કે, ‘પહેલાં હું મારી ચિંતામાંથી છૂટવા પુષ્કળ કામ કરતી, જેથી મને અન્ય કોઈ વિચાર કરવા સમય જ ન મળે. કંઈ નહીં તો સ્પોર્ટ્સ તરફ વળતી. પરંતુ દિલોદિમાગમાંથી વ્યથાની સંપૂર્ણ બાદબાકી કરવાનું શક્ય ન બન્યું. છેવટે મેં થેરપી લેવાનો નિર્ણય કર્યો. થોડાં સેશન થેરપી લીધા પછી મને સમજાયું કે અત્યાર સુધી હું પરિસ્થિતિનો સામનો કરવાને બદલે તેનાથી ભાગી રહી હતી.’

વર્ષ ૨૦૨૪માં પૂર્વ ડેનિશ બેડમિન્ટન ખેલાડી મેથિયાસ બો સાથે લગ્ન કરનાર ૩૯ વર્ષીય તાપસીએ ઓનલાઇન ટ્રોલિંગને પગલે તેનું મન કેટલું વ્યથિત થતું હતું તેની વાત માંડતાં કહે છે, ‘હું સોશિયલ મીડિયાના મારા સઘળા ફોલોઅર્સને ખુશ રાખવાના પ્રયાસમાં અડધી થઈ ગઈ, તોય મારું ટ્રોલિંગ જારી રહ્યું. હકીકતમાં સેંકડો-હજારો લોકોને એકસાથે રાજી રાખવાનું શક્ય જ નથી અને હું આ અસંભવ કામ પાછળ લોહીઉકાળા કરી રહી હતી. વર્ષો સુધી આ ક્રમ ચાલતો રહ્યો ત્યારે જાણે કે મને બ્રહ્મજ્ઞાન લાધ્યું કે મેં ટ્રોલરોને ખુશ કરવા માટે વર્ષો વેડફી નાખ્યાં. તેમને રાજી રાખવાના પ્રયાસો કરવાને બદલે મેં આ સમય મારા માટે, મારા કામ માટે કે માનવીય ભલાઈ માટે ફાળવ્યો હોત તો લેખે લાગત.’

તાપસી વધુમાં કહે છે કે, ‘મારી પાસે સોશિયલ મીડિયા પરથી ખસી જવાનો વિકલ્પ હતો, તોય મને એ વાત સમજતાં કેટલો લાંબો સમય લાગ્યો. હું ઢીટ ન બની શકી એટલે છેવટે મારા મનની શાંતિ માટે મેં સોશિયલ મીડિયા પર ઇનએક્ટિવ થવાનો વિકલ્પ અપનાવ્યો.’

ઓલ ધ બેસ્ટ, તાપસી. ■

અનીત પડ્ડા: સ્કૂલના સ્ટેજથી સુપરહિટ ફિલ્મ સુધીની સફર

‘સૈયારા’ની ઐતિહાસિક સફળતા પછી હું રોમેન્ટિક ઈમેજમાંથી બહાર નીકળીને કંઈક અલગ કરવા માગતી હતી. ‘શક્તિ શાલિની’માં મને મારામાં રહેલી એક્ટ્રેસનાં નવાં જ પાસાંને શોધવાની તક મળી.’

‘સૈયારા’ની આ અદ્ભુત સફળતા પછી એની ક્યુટ ક્યુટ હિરોઇન અનીત પડ્ડા શું કરે છે? જવાબ છે, એ પોતાની આગામી ફિલ્મ ‘શક્તિ શાલિની’ની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહી છે. આ ફિલ્મ મેડોક હોરર કોમેડી યુનિવર્સનો એક મહત્વપૂર્ણ ભાગ છે. એક દિગ્ગજ અભિનેતા નાના પાટેકર પણ આ ફિલ્મમાં મરણોપરાંત જોવા મળશે. આ ફિલ્મ આવતા મહિને સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ પહેલાં અનીત તાજેતરમાં વેબ સિરીઝ ‘હુંકાર’માં પણ જોવા મળી હતી, જેનું શૂટિંગ તેણે ‘સૈયારા’ કરતાં ઘણા સમય પહેલાં પૂર્ણ કર્યું હતું.



મુલાકાતમાં અનીતે જણાવે છે, ‘સૈયારા’ની ઐતિહાસિક સફળતા પછી હેતુપૂર્વક રોમાન્સની છબીમાંથી બહાર નીકળીને કંઈક સાવ અલગ કરવા માગતી હતી. ‘શક્તિ શાલિની’માં એક્શન, રોમાન્સ અને સુપરનેચરલ તત્વોનો અનોખો સંગમ છે, જેના દ્વારા મને પોતાના અભિનયના નવાં જ પાસાંને શોધવાની તક મળી.’

‘સૈયારા’ની એક્ટ્રેસ ધારણ કરશે ‘શક્તિ શાલિની’નો અવતાર

અનીત માટે સૌથી વધુ ખુશીની વાત એ છે કે કારકિર્દીની બીજી જ ફિલ્મમાં તેને મહિલા-કેન્દ્રિત વાર્તા મળી છે. આદિત્ય સરપોતદારના દિગ્દર્શનમાં બની રહેલી આ હોરર કોમેડી ફિલ્મની વાર્તા ‘શક્તિ’ નામની એક સામાન્ય મહિલાની આસપાસ ફરે છે, જે સંજોગોવશાત એક રક્ષક બની જાય છે. બીજી બાજુ ‘શાલિની’ એક ઘવાયેલો આત્મા છે, જે દગા અને નિર્દય હત્યાનો ભોગ બન્યા પછી પુરુષો પાસે બદલો લેવા પાછી ફરે છે. આ ફિલ્મમાં અનીતની સાથે વિશાલ જેઠવા મુખ્ય ભૂમિકામાં છે. ઉપરાંત પ્રિન્સિપાલે જ્યારે તેને કહ્યું કે તું આ કામમાં ખૂબ જ સારી છે, ત્યારે પહેલીવાર અનીતે અભિનયને માત્ર શોખ તરીકે નહીં પણ એક ગંભીર કલા અને કૌશલ્ય તરીકે જોવાનું શરૂ કર્યું.

આજે અનીત પાસે ચાહકોનો એક મોટો વર્ગ છે અને સોશિયલ મીડિયા પર તેને અપાર પ્રેમ મળી રહ્યો છે. ગુડ ગોઈંગ, ગર્લ! ■

અનીતની અભિનય સફરની શરૂઆત ‘સૈયારા’થી નહીં પણ વર્ષ ૨૦૨૨માં આવેલી ફિલ્મ ‘સલામ વેંકી’થી થઈ હતી, જેમાં તેણે વિશાલ જેઠવાના પાત્રની પ્રેમિકા ‘નંદિની’ની ભૂમિકા ભજવી હતી. પરંતુ અભિનય પ્રત્યેનો તેનો પ્રેમ તો તેના બાળપણમાં જ જાગ્યો હતો. પોતાના સ્કૂલના દિવસો યાદ કરતાં એણે જણાવ્યું કે અભિનય સાથે તેનો પ્રથમ પરિચય સ્કૂલની એક કવિતા સ્પર્ધા દરમિયાન થયો હતો. તે સમયે તેને સ્ટેજ પર રજૂઆત કરવાની બારીકાઈની કોઈ સમજ નહોતી અને તે માત્ર કવિતા ગોખીને એકદમ સપાટ અંદાજમાં બોલી જતી. ત્યારે તેની માતાએ તેને શીખવ્યું કે કવિતાનો અર્થ સમજીને, વધારે વિચાર્યા વિના જેવું અનુભવાય તેવું જ બોલવું જોઈએ.

માતાની આ નાનકડી સલાહ આગળ જતાં તેના અભિનયનો મજબૂત પાયો બની અને તેણે તે સ્પર્ધામાં પ્રથમ ઈનામ જીત્યું. ત્યાર પછી તેણે સ્કૂલનાં નાટકોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેના શિક્ષકો અને સ્કૂલના પ્રિન્સિપાલે તેની પ્રતિભાને પારખી લીધી હતી.

રાજકુમાર રાવ માંડે છે વાત પોતાના કામની અને અંતરમનની

‘હું ક્યારેક બહુ સંવેદનશીલ થઈ જાઉં છું, પણ એ તો માનવસહજ છે. એક અભિનેતા તરીકે સંવેદનશીલતા સદ્‌ગુણ ગણાય, કારણ કે તેનાથી અભિનય જીવંત બને છે.’

હિન્દી ફિલ્મ જગતના પ્રતિભાશાળી અદાકાર રાજકુમાર રાવની કારકિર્દી ખીલી રહી છે અને તે પોતાની અભિનય પ્રતિભાને ધ્યાનમાં રાખીને પસંદગીની ફિલ્મોમાં કામ કરી રહ્યો છે. બીજી બાજુ રાજકુમાર રાવ તેની અભિનેત્રી પત્ની પત્રલેખા સાથે લગ્નજીવનનો આનંદ પણ માણી રહ્યો છે, સાથોસાથ સામાજિક સંબંધો પણ જાળવી રહ્યો છે.

ફિલ્મ ‘લવ સેક્સ ઔર ધોખા’ (૨૦૧૦)થી બોલિવુડમાં પા-પા પગલી ભરનારો અને ‘ગેંગ્સ ઓફ વાસેપુર’, ‘તલાશઃ આન્સર લાઇઝ વિધિન’, ‘કાઈ પો છે’, ‘ક્વીન’, ‘ન્યૂટન’ અને ‘સ્ત્રી’ જેવી મજેદાર ફિલ્મોમાં વિવિધ પાત્રો ભજવનારો રાજકુમાર રાવ પારદર્શકતા સાથે કહે છે, ‘હું કે મારી ધર્મપત્ની, બેમાંથી કોઈ જરાય જિદ્દી કે ઘમંડી નથી. અમારા બંનેનો સ્વભાવ શાંત, સરળ અને ગમતીલો છે. હા, પતિ-પત્ની તરીકે સાથે રહીએ છીએ તો અમુક બાબતોમાં હા-ના થાય, પણ અમારી બંને વચ્ચે ઉગ્રતા ક્યારેય નથી થતી. મતભેદ એટલે અમુક બાબતના નિર્ણય કે પસંદગીમાં ફક્ત જુદા જુદા અભિપ્રાય હોય, એટલે જેનો નિર્ણય સારો અને ઉપયોગી હોય તે સ્વીકારવાનો હોય.’

ભારત સહિત વિશ્વભરના લોકોમાં એક કે બીજી રીતે વહેમ, અંધશ્રદ્ધા કે શંકા-કુશંકા હોય છે. જોકે રાજકુમાર રાવ આવી બાબતમાં બહુ સ્પષ્ટપણે અને નિડરતાથી કહે છે, ‘ના રે ના, હું વહેમ કે અંધશ્રદ્ધા જેવી ક્ષુલ્લક કે તર્કહીન બાબતોમાં જરાય નથી માનતો, કે નથી મારા મનમાં આવો કોઈ ડર.’

તે આગળ કહે છે, ‘એક ખાસ બાબતની સ્પષ્ટતા પણ કરી દઉં. મને ઘણા લોકો ધીર-ગંભીર વ્યક્તિ માને છે, જોકે હકીકત એ છે કે હું આનંદી અને હસમુખ વ્યક્તિ છું. મારા ખાસ મિત્રો અને પરિવાર સાથે હળવાફૂલ માહોલમાં હોઉં ત્યારે ખડખડાટ હસું છું. હા, ક્યારેક બહુ સંવેદનશીલ થઈ જાઉં છું, પણ એ તો માનવસહજ છે. એક અભિનેતા તરીકે સંવેદનશીલતા સદ્‌ગુણ ગણાય, કારણ કે તેનાથી અભિનય જીવંત બને છે.’ એક નેશનલ અને પાંચ ફિલ્મફેર એવોર્ડ્સનું સન્માન પ્રાપ્ત કરનારો રાજકુમાર રાવ કહે છે, ‘મારા માટે બોલિવુડનો માહોલ પણ સારો છે. મને કોઈ જ ઘટનાનો સંકોચ થયો હોય કે અણગમતું થયું હોય તેવું ક્યારેય નથી બન્યું. હા, હું હિન્દી ફિલ્મ જગતનો અભિનેતા છું અને મારા અભિનયથી ભારતના દર્શકોનું મનોરંજન કરવાનો નમ્ર પ્રયાસ કરું છું તેનું મને ગૌરવ છે.’



તે ઉમેરે છે, ‘હું ફિલ્મના શૂટિંગ દરમિયાન મારા સહ-કલાકારો સાથે ભરપૂર સહકારથી કામ કરું છું. કોઈ કલાકાર સેટ પર કદાચ મોડા આવે તો પણ હું ત્યાં સતત હાજર રહું છું. હું છેવટે તો ફિલ્મનો જ એક હિસ્સો છું એમ સમજીને મારું ઉજળું યોગદાન આપું છું. મારાં સ્વપ્ન અને ઈચ્છા પૂરાં થઈ રહ્યાં છે એથી વિશેષ ભલા શું હોઈ શકે? મને બોલિવુડના પ્રતિભાશાળી અને પ્રયોગશીલ દિગ્દર્શકો સાથે કામ કરવાની તક મળે છે એ મારા માટે ગૌરવની બાબત છે અને હું ખુશ છું. અને હા, શૂટિંગ પૂરું કરીને હું મારા ઘરે જાઉં તે ઘડી મારા માટે સૌથી મોંઘેરી અને આનંદની ઘડી હોય છે.’ ■

રાધિકા મદાનઃ પડદા પર નિર્ભય, જીવનમાં બેબાક

બોલિવૂડ અભિનેત્રી રાધિકા મદન પોતાની અભિનય ક્ષમતા અને પાત્રોની વૈવિધ્યતાને કારણે સતત ચર્ચામાં રહે છે. દરેક નવી ભૂમિકામાં કંઈક અલગ કરવાની તેની કોશિશ તેને સમકાલીન અભિનેત્રીઓમાં આગવી ઓળખ અપાવે છે. તાજેતરમાં 'લસ્ટ સ્ટોરીઝ ૩'માં તેણે એક એવી આધુનિક યુવતીનું પાત્ર ભજવ્યું છે, જે તુટેલા લગ્નજીવનમાં સર્જાયેલી તિરાડોને શારીરિક નિકટતા અને ઈચ્છાઓના માધ્યમથી સમજવાનો પ્રયાસ કરે છે. આ પાત્ર અત્યાર સુધીની તેની સૌથી બોલ્ડ ભૂમિકાઓમાંથી એક કહી શકાય. પાત્રની શારીરિક અને ભાવનાત્મક માગણીઓને તેણે પૂરી નિષ્ઠાથી પડદા પર સાકાર કરી છે.

રાધિકા માને છે કે સ્ત્રીઓએ પોતાની ઈચ્છાઓ અને લાગણીઓને દબાવી રાખવાની જરૂર નથી. સમાજમાં વર્ષો સુધી સેક્સ જેવા વિષયને શરમ અને સંકોચ સાથે જોવામાં આવે છે. જો કે તેના મતે શારીરિક નિકટતા પણ ખુશી, મહત્વાકાંક્ષા અને દુઃખની જેમ માનવીય જીવનનો સ્વાભાવિક હિસ્સો છે. તેને શરમનું નહિ, પણ સ્વીકાર અને ઉજવણીનું માધ્યમ બનાવવું જોઈએ. 'લસ્ટ સ્ટોરીઝ ૩'માં દર્શાવાયેલી સ્ત્રીઓ પણ પોતાની ઈચ્છાઓને ઓળખતી અને તેનો સ્વીકાર કરી નવી પેઢીની મહિલાઓનું પ્રતિનિધિત્વ કરે છે. રાધિકાના મતે જીવનના કોઈપણ તબક્કે પોતાની જાતને સ્વીકારવી અને પ્રેમ કરવો એ મોટી સિદ્ધિ છે.

આ વિષયને પડદા પર રજૂ કરવાની તક તેને દિગ્દર્શક શકુન બત્રાની ફિલ્મમાં મળી. ફિલ્મની ઓડિશન સ્ક્રિપ્ટ વાંચતા જ તેને લાગ્યું હતું કે આ પાત્ર ભજવવું એક પડકારજનક અનુભવ બની રહેશે. સામાન્ય રીતે ઓડિશન ઝડપથી પૂર્ણ થતું હોય છે, પણ આ સ્ક્રિપ્ટની પ્રત્યેક પંક્તિમાં અનેક અર્થ અને ભાવનાત્મક સ્તરો છુપાયેલા હતા. તેથી રાધિકાએ આ પાત્ર માટે વિશેષ તૈયારી કરી. સહકલાકાર અલી ફઝલ સાથે કામ કરવાનો અનુભવ પણ તેના માટે યાદગાર રહ્યો.

ફિલ્મમાં બોલ્ડ દ્રશ્યો ભજવતી વખતે કલાકારોની સુરક્ષા અને સહજતા જળવાય તેના માટે ઈન્ટિમસી કોઓર્ડિનેટર્સની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે. રાધિકાના જણાવ્યા મુજબ શૂટિંગ પહેલા વર્કશોપ યોજવામાં આવે છે, જેમાં કલાકારો વચ્ચે વિશ્વાસ કેળવાય છે અને દરેક દ્રશ્યનું પૂર્વનિયોજન કરવામાં આવે છે. આ પ્રક્રિયા ડાન્સ સીક્વન્સની જેમ સુવ્યવસ્થિત હોય છે. કલાકારને કોઈપણ તબક્કે અસહજતા અનુભવાય તો દ્રશ્યની કોરિયોગ્રાફીમાં ફેરફાર કરી શકાય છે. ના કહેવાની સ્વતંત્રતા અને કોઈના નિર્ણયનો આદર જળવાય તે જરૂરી છે.

આ પાત્ર ભજવતી વખતે રાધિકાને પોતાની જાતને પણ નવેસરથી સમજવાની તક મળી. તેને અગાઉ એવો પ્રતિસાદ મળ્યો હતો કે તે પોતાના જીવનની લાગણીઓ અને નબળાઈઓને કાળા-સફેદ દ્રષ્ટિકોણથી જુએ છે, જ્યારે પાત્રોના વિવિધ પાસાને સહજતાથી સ્વીકારે છે. સૈલીના પાત્રમાં રહેલી મૂંઝવણો અને આંતરિક સંઘર્ષોએ તેને પોતાની અંદર રહેલા કેટલાક અજાણ્યા ભાવો સાથે પરિચિત કરાવી. આ અનુભવમાંથી તેણે શીખ્યું કે જીવનમાં ક્યારેક મૂંઝવણમાં હોવું, અસ્તવ્યસ્ત લાગવું કે પોતાને સમજવાનો પ્રયાસ કરવો પણ સ્વાભાવિક છે. દરેક સમયે સંપૂર્ણ હોવું જરૂરી નથી.

'સંબંધોમાં સહાનુભૂતિ, સન્માન અને સારા માનવી હોવાના ગુણો મને સૌથી મહત્ત્વના લાગે છે. સંબંધમાં વ્યક્તિગત મર્યાદાઓનું સન્માન ન જળવાય તે મારા માટે અસ્વીકાર્ય સ્થિતિ છે.'



ઈચ્છાઓને દબાવવાની બદલે સ્વીકારવાની હિમાયત કરતી અભિનેત્રી

અભિનય સાથે તેનો સંબંધ પણ કંઈક આવો જ અનોખો છે. રસપ્રદ વાત એ છે કે રાધિકા ક્યારેય અભિનેત્રી બનવા નહોતી માગતી. તેનું સપનું એક પ્રોફેશનલ ડાન્સર બનવાનું હતું. જો કે એક ઓડિશન દરમ્યાન પહેલી વાર કેમેરા સામે ઊભી રહી ત્યારે તેને અદ્‌ભુત સુરક્ષિતતાનો અનુભવ થયો. કેમેરાની સામે તે પોતાની જાતને સૌથી વધુ પ્રમાણિક અને સ્વાભાવિક અનુભવે છે. તેના માટે કેમેરા માત્ર એક વસ્તુ નથી, પણ પોતાની જાતને વ્યક્ત કરવાનું સુરક્ષિત સ્થાન છે. કદાચ આ જ કારણ છે કે તેને બોલ્ડ દ્રશ્યોમાં પણ કોઈ ખાસ સંકોચનો અનુભવ ન થયો.

પોતાની કારકિર્દી બાબતે પણ રાધિકાએ કેટલીક સ્પષ્ટ સીમારેખા દોરી રાખી છે. તે હવે માત્ર પડદા પર દેખાવા પૂરતી હોય તેવી, પાત્રના વિકાસ વિનાની ભૂમિકાઓ કરવા નથી માગતી. મજબૂત અને સ્વતંત્ર સ્ત્રી પાત્રો ભજવવાની તક મળતી હોવાથી, તે હવે એવી જ ભૂમિકાઓ પસંદ કરવા ઈચ્છે છે જેમાં સ્ત્રીનું વ્યક્તિત્વ અને વાર્તામાં તેનું યોગદાન મહત્વનું હોય.

સોશિયલ મીડિયા પર થતી ટીકા અને ટ્રોલિંગ બાબતે પણ તેનો અભિગમ પરિપક્વ છે. દરેક વ્યક્તિને પોતાનો મત વ્યક્ત કરવાનો અધિકાર છે,પણ દરેકને ખુશ રાખવાની જવાબદારી કોઈની નથી, એવું તે માને છે. શરૂઆતમાં દરેકની સ્વીકૃતિ મેળવવાની ઈચ્છા હોય છે,પણ સમય જતાં પોતાની ઓળખ અને આત્મવિશ્વાસ પર ભરોસો રાખવાનું શીખી જવાય છે. પોતાની જાત અને શરીર પ્રત્યેના આત્મવિશ્વાસે તેને નકારાત્મક ટિપ્પણીઓથી દૂર રહેવામાં મદદ કરી છે.

પ્રેમ અને શબ્દોની વાત આવે ત્યારે રાધિકા સંતુલનને સૌથી વધુ મહત્વ આપે છે. તેના મતે કારકિર્દી અને પ્રેમમાંથી કોઈ એકની પસંદગી કરવી જરૂરી નથી. બંને એકસાથે સુંદર રીતે અસ્તિત્વ ધરાવી શકે છે. પણ શરત એટલી કે વ્યક્તિને સંતુલન જાળવતા આવડવું જોઈએ. કોઈ સાથે સંબંધ બાંધતા પહેલા પોતાની જાતને સમજવી અને પોતાનું મૂલ્ય ઓળખવું જરૂરી છે. પોતાની અંદરની ખાલી જગ્યા ભરવાની જવાબદારી બીજા પર ન નાખવી જોઈએ.

તેના માટે આત્મપ્રેમનો અર્થ માત્ર પોતાની પ્રશંસા કરવો કે સુંદર દેખાવું નથી. ક્યારેક આળસ આવે, કામ કરવાની ઈચ્છા ન થાય, મનમાં નકારાત્મક વિચારો આવે કે ઊર્જા ઓછી લાગે ત્યારે પોતાની જાતને માફ કરવી અને પોતાની સાથે નમ્રતાથી વર્તવું એ પણ આત્મપ્રેમનો જ એક હિસ્સો છે. બીજાઓ પ્રત્યે દયાળુ રહેતા શીખેલી વ્યક્તિએ પોતાની જાત પ્રત્યે પણ એટલી જ દયા રાખવી જોઈએ.

સંબંધોમાં પણ સહાનુભૂતિ, સન્માન અને સારા માનવી હોવાના ગુણો રાધિકાને સૌથી મહત્વના લાગે છે. જીવનસાથીએ વ્યક્તિના સારા-નરસા બંને પાસા સ્વીકારવા જોઈએ. સંબંધમાં વ્યક્તિગત મર્યાદાઓનું સન્માન ન જળવાય તો તેના માટે તે અસ્વીકાર્ય છે. પ્રેમનો ખરો અર્થ પણ કોઈને તેની ખામીઓ અને ખૂબીઓ સાથે ઓળખવો, સ્વીકારવો અને ઉજવવો એ જ છે. અંગત જીવનને ખાનગી રાખવાનું પસંદ કરતી રાધિકા માને છે કે સંબંધોની ગોપનીયતા જાળવવી કે જાહેર કરવી એ સંપૂર્ણપણે વ્યક્તિગત નિર્ણય છે.

રાધિકાના મતે પ્રેમ એવી શક્તિ છે જે વ્યક્તિને અંદરથી ઓળખાયેલી અને સ્વીકારાયેલી હોવાની અનુભૂતિ કરાવે છે. કદાચ આ જ સમજણ તેની અભિનય યાત્રામાં પણ પ્રતિબિંબિત થાય છે. પોતાનાથી નાની વયની વ્યક્તિને રાધિકા એક સલાહ આપવા માગે છે કે હંમેશા પોતાની દિલની વાત સાંભળવી, કારણ કે અંતે હૃદય જ યોગ્ય વ્યક્તિ અને યોગ્ય મુકામ સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. ■

Hollywood CORNER



કેટી પેરી
અમેરિકન આઈડલ પછી સંગીતમય વર્લ્ડ ટૂર

હોલિવુડ અને આંતરરાષ્ટ્રીય સંગીત જગતમાં કેટી પેરી પોતાની અદભુત ગાયકી અને લાઈવ પરફોર્મન્સ માટે જાણીતી છે. ૨૦૦૮માં 'વન ઓફ ધી બોઈઝ' આલ્બમથી સફળતા મેળવ્યા બાદ 'રોર', 'ફાયરવર્ક', 'ડાર્ક હોર્સ' અને 'કેલિફોર્નિયા ગર્લ્સ' જેવા સુપરહિટ ગીતોએ તેને વૈશ્વિક સ્ટાર બનાવી. તાજેતરમાં તે પોતાના આલ્બમ '૧૪૩' પર આધારિત ભવ્ય વૈશ્વિક 'ધી લાઈફટાઈમ્સ ટૂર'ને કારણે ચર્ચામાં રહી છે, જેમાં પેરિસ, લંડન, ન્યુયોર્ક અને મેલબર્ન જેવા શહેરોમાં તેના શો હાઉસફુલ રહ્યા હતા.

રિયાલિટી શો 'અમેરિકન આઈડલ'માં સાત સીઝન સુધી જજ રહ્યા બાદ, પોતાના સંગીત સર્જન અને ટૂર્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા તેણે શોમાંથી વિદાય લીધી છે. ફેશન જગતમાં મેટ ગાલા જેવા મંચ પર બોલ્ડ પ્રયોગો ઉપરાંત કેટી સામાજિક કાર્યોમાં પણ અગ્રેસર છે. તે પોતાના 'ફાયરવર્ક ફાઉન્ડેશન' અને યુનિસેફની ગુડવિલ એમ્બેસેડર તરીકે વંચિત બાળકોના શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણ માટે સક્રિયપણે કાર્ય કરી રહી છે.

સ્કારલેટ જોહાન્સન
બેટમેનનું પાત્ર સમજવું આસાન નહોતું

હોલિવુડની જાણીતી અભિનેત્રી સ્કારલેટ જોહાન્સન પોતાની આગામી ફિલ્મ 'ધી બેટમેન પાર્ટ ટુ'માં એણે ભજવેલી રહસ્યમય ભૂમિકાને કારણે ચર્ચામાં છે. મેટ રીવ્ઝ દિગ્દર્શિત અને રોબર્ટ પેટિન્સન અભિનીત આ ફિલ્મમાં સ્કારલેટના પાત્રની વિગતો હજી ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ એક મુલાકાતમાં તેણે સ્વીકાર્યું કે આ ભૂમિકા સમજવામાં તેને ભારે માનસિક મથામણ અને 'એક્ઝિસ્ટેન્શિયલ એન્ગ્ઝાયટી' જેવો અનુભવ થયો હતો.

સેબેસ્ટિયન સ્ટેન, કોલિન ફેરેલ અને જેફરી રાઈટ જેવા કલાકારો સાથેની આ ફિલ્મ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૮ના રોજ રિલીઝ થશે. આ ઉપરાંત, સ્કારલેટ માઈક ફ્લેનાગનની હોરર ફિલ્મ 'ધી એક્સોર્સિસ્ટઃ માર્ટિર્સ'માં ન્યુયોર્ક પોલીસ ડિટેક્ટિવ જુલી મિલરની ભૂમિકામાં જોવા મળશે, જે ૧૨ માર્ચ, ૨૦૨૭ના રોજ રજૂ થશે. અગાઉ 'જુરાસિક વર્લ્ડ રિબર્થ', 'ધી ફોનિશિયન સ્કીમ', 'બ્લેક વિડો' અને 'મેરેજ સ્ટોરી' જેવી ફિલ્મો ઉપરાંત 'એલિનોર 'ધી ગ્રેટ' દ્વારા દિગ્દર્શનમાં પણ પદાર્પણ કરનાર સ્કારલેટના આ નવા અને પડકારજનક અવતાર માટે ચાહકોમાં ભારે ઉત્સુકતા છે.



શ્રેયસ તળપદે : સપોર્ટિંગ એકટર્સ વિના ફિલ્મ શૂન્ય છે

મરાઠી એકટર્સની એક ખાસિયત છે. તેઓ સ્ટારડમને નહિ પણ ફિલ્મની સ્ટોરી અને પોતાના પાત્રને વધુ મહત્ત્વ આપે છે. ડો. શ્રીરામ લાગુથી લઈ નાના પાટેકર સુધીના કલાકારોએ પોતાના કામ દ્વારા આ વાતની પ્રતીતિ કરાવી છે. એમાં એક લો-પોફાઈલ એક્ટર શ્રેયસ તળપદે પણ સામેલ છે. શ્રેયસે સુભાષ ઘાઈની ફિલ્મ 'ઈકબાલ'થી બોલિવુડમાં લીડ રોલથી ડેબ્યુ કર્યું. ફિલ્મમાં એણે ગામડાનાં ક્રિકેટવેલા મુંગા યુવાનનો રોલ કર્યો હતો. ફિલ્મ બોક્સ-ઓફિસ પર ખાસ્સી સફળ રહી પણ તળપદે કદી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટોપ પર ન પહોંચી શક્યો. એણે પોતાના ભાગે આવતા દરેક પાત્રમાં જીવ રેડી પોતાનું એક અલગ સ્થાન અને ઓળખ બનાવી. એ સંદર્ભમાં વાત કરતા ૫૦ વરસનો એક્ટર કહે છે, 'એક સારા અભિનેતાનો ફાળો ફિલ્મમાં સ્ટાર બિલિંગ કરતા ઘણો વધુ હોય છે. લોકોને હવે સમજાઈ ગયું છે કે ગમે એટલો મોટો સ્ટાર ભલે હોય પણ ફિલ્મ એના સપોર્ટિંગ એક્ટર્સ વિના ચાલે નહિ. દરેકને અહીં એની લાયકાત મુજબની માન્યતા મળે છે, આજે નહિ તો આવતી કાલે. મોટામાં મોટા સ્ટાર્સને આ વાત લાગુ પડે છે. એટલે મારું માનવું છે કે અમારા હાથમાં તો ધીરજ રાખીને કામ કરતા રહેવાનું છે. એનું ફળ તો ગમે ત્યારે મળવાનું જ છે.'

શ્રેયસ તળપદેએ અઢી દાયકાના કરિઅરમાં એક્ટિંગથી માંડી પ્રોડ્યુસર અને ડિરેક્ટર બનવા સુધીના ફિલ્મમેકિંગના દરેક પાસા પર હાથ અજમાવ્યો છે. ત્રણ વરસ પહેલા હાર્ટ એટેક આવવા છતાં એણે કામમાં કોઈ કાપ મૂક્યો નથી. હમણાં શ્રેયસે 'સારેગામાપાઃ હિન્દુસ્તાન કા સંગીતસ્થાન' નામના શોથી ટીવી પર હોસ્ટ તરીકે ડેબ્યુ કર્યું. એ નિમિત્તે પોતે કરિઅરમાં કરેલી પસંદગીઓ વિશે વાત કરતા તળપદે કહે છે, 'મારુ એવું માનવું છે કે આપણને આ જીવન એકવાર મળ્યું છે. તો બને એટલું કામ કરી લો. હું પછીથી કાંઈક નવું નહિ કરવા બદલ પસ્તાવા નથી માગતો. મારી જગ્યાએ કોઈ બીજો એક્ટર હોત તો એવું વિચારત કે મારે શો હોસ્ટ નથી કરવો, જજ કરવો છે. પરંતુ મારે તો શો હોસ્ટ જ કરવો હતો કારણ કે કિસીને સપને મેં ભી નહિ સોચા હોગા કિ યે હોસ્ટ બનકે ક્યા કરેગા.'

બહુ ઓછા લોકો જાણે છે કે ૨૨ વરસ પહેલા દીપ્તિ સાથે લગ્ન કર્યા બાદ શ્રેયસ છેક લગ્નના ૧૪ વરસ બાદ સરોગસી મારફત આધ્યા નામની પુત્રીનો પિતા બન્યો હતો. આજે આધ્યા આઠ વરસની થઈ ગઈ છે અને એના જન્મ બાદ તળપદેની પ્રોજેક્ટ્સની પસંદગી પર ભલે થોડી પણ અસર થઈ છે ખરી. એ વિશે વાત કરતા એક્ટર કહે છે, 'હવે હું ડિરેક્ટરને સીધેસીધુ જ પૂછી લઉં છું કે ભાઈસાબ, ફિલ્મ મેં ઐસાવૈસા કુછ હૈ ક્યા? ઐસા કુછ આપ કરનેવાલે હો તો અભી સે બતા દો. ખેર, આ તો સિનેમા છે. કલ્પના કરો કે બધા વિલન્સ એવું વિચારતા કે મને નેગેટીવ રોલમાં જોઈ મારા બાળકો શું વિચારશે તો ફિલ્મોમાં સારા ખલનાયકો જ ન હોત.'

ત્રણ વરસ પહેલાં હાર્ટ એટેક આવવા છતાં શ્રેયસ તળપદેએ પોતાના કામમાં કોઈ કાપ મૂક્યો નથી. અઢી દાયકાની કરીઅરમાં એક્ટિંગથી માંડી પ્રોડક્શન એમ દરેક પાસા પર તેણે હાથ અજમાવ્યો છે



'ઈકબાલ'ના શૂટિંગ દરમિયાન એને પોતાનું ભાવિ શું હશે એની બિલકુલ કલ્પના નહોતી. એક્ટર કહે છે, 'એ વખતે હું નવો નવો પરણ્યો હતો અને મારા ભાવિ વિશે મને કોઈ કલ્પના નહોતી. મનમાં થોડો ડર હતો. એટલે મેં એક દિવસ નસીરભાઈને પૂછ્યું કે સર, આપકો કભી ડર નહિ લગા? એનો બહુ શાંતિથી જવાબ આપતા નસીર સરે કહ્યું, ડર તો કભી નહિ લગા ક્યોંકિ મૈં જાનતા હું કિ ઈતના ટેલેન્ટ તો હૈ કિ મૈં કભી ભૂખા નહીં મરુંગા. એમની એ વાત મારા મનમાં જડાઈ ગઈ છે. અગર આપકે પાસ ટેલેન્ટ હૈ તો આપકો ડરને કી જરૂરત નહીં. સીધી વાત એ છે કે તમારામાં ટેલેન્ટ હશે તો તમે લાંબી ઈનિંગ રમી શકશો. આપણે એવા સ્ટાર્સ જોયા છે જે ૨-૩ ફિલ્મો કરીને ગુમ થઈ ગયા. અને એવા ટેલેન્ટેડ એક્ટર્સ પણ જોયા છે જેઓ ટક્યા અને ઘણું નામ કમાયા. આજ ઉનકા એક અલગ સ્ટારડમ હૈ.' ■



શરમન જોશી : પ્રેક્ષકો હવે વધુ ટીકા કરતા થયા છે...!

શરમન જોશી એક સંવેદનશીલ અને અફલાતુન અભિનેતા છે, એ વાતને તો કોઈ નકારી શકે એમ નથી. તાજેતરમાં જ ફિલ્મસર્જક રોહિત શેટ્ટીએ એક્ટર શરમન જોશીએ પ્રેક્ષકોની બદલાતી સંવેદનશીલતા અંગે રસપ્રદ વાતો કરી હતીઃ 'પ્રેક્ષકો હવે વધુ ટીકાત્મક બની ગયા છે. નિર્માણમૂલ્ય અને દિગ્દર્શનથી લઈને ફિલ્મની વાર્તા અંગે વધુ ને વધુ માગ કરી રહ્યા છે. આ બાબત ખરેખર ખૂબ જ અદ્‌ભુત અને રોમાંચક છે,' એમ ૪૭ વર્ષીય અભિનેતા શરમન જોશીએ જણાવ્યું હતું. આ સાથે જ શરમને ઉમેર્યું હતું કે 'આ પછી જ કલાકારોને વધુ સારું કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. માત્ર ત્યારે જ આપણે આપણા મોજાં-ભાર ઊંચકી શકીશું અને તેમની અપેક્ષા કરતાં વધુ આપી શકીશું,' એમ શરમન સમજાવે છે.

અભિનેતા એ પણ શેર કરે છે કે તાજેતરના સમયમાં તેની પાસે આવેલા બધા પ્રોજેક્ટ્સ તેની વાર્તાઓ માટે ભિન્ન-ભિન્ન હતા. 'મને આશ્ચર્ય થયું કે તાજેતરમાં મારી પાસે આવેલી દરેક સ્ક્રિપ્ટ તેની વાર્તાની દ્રષ્ટિએ ખૂબ જ ખાસ હતી. એવું પહેલાં નહોતું થતું. મને જે પણ ઓફર આવી રહી છે, તેને ના પાડવી ખૂબ જ મુશ્કેલ છે,' એમ તેણે શેર કર્યું હતું. 'ગોલમાલ-૫'માં શરમન જોશી તો 'ઢોલ' (૨૦૦૭)ના કૃણાલ ખેમુ સાથે ૧૯ વર્ષ પછી ફરી જોડાય છે. ખેમુ સાથેના તેના સમીકરણ વિશે વાત કરતા શરમન કહે છે, 'કૃણાલ હમેશાં એક શાનદાર અભિનેતા રહ્યો છે. 'ઢોલ' દરમિયાન અમે બધા વયમાં ખૂબ જ નાના હતા, પરંતુ હવે તેની પ્રતિભા સાથે તે એક લેખક તરીકે પણ બહાર આવ્યો છે.' ■

'તાજેતરમાં મારી પાસે આવેલી દરેક સ્ક્રિપ્ટ તેની વાર્તાની દ્રષ્ટિએ ખૂબ જ ખાસ હતી. એવું પહેલાં નહોતું થતું. મને જે પણ ઓફર આવી રહી છે, તેને ના પાડવી મુશ્કેલ બની જાય છે.'

સલિલદાએ જ્યારે ગુજરાતી ફિલ્મમાં સૂર પૂર્યા...



કેકેએ 'ઘરસંસાર' ફિલ્મ માટે સલિલદાનો સંપર્ક સાધ્યો. પહેલાં તો સલિલદાએ વિવેકભેર ના પાડી અને કહ્યું કે તમારી પાસે તો અવિનાશ વ્યાસ અને કલ્યાણજી-આણંદજી જેવા સમર્થ ગુજરાતી સંગીતકારો છે. કેકે માન્યા નહીં અને વ્યવહારુ સમજાવટ દ્વારા સલિલદાને રાજી કર્યા

છેલ્લા થોડાક શુક્રવારથી આપણે દંતકથા જેવા સંગીતકાર સલિલ ચૌધરીએ આપેલાં યાદગાર ગીતોનો આસ્વાદ માણી રહ્યા હતા. એક વર્ષ બદલાઇ ગયું અને નવું હિન્દુ વર્ષ શરૂ થઇ ગયું. સલિલદાને વિદાય આપતાં પહેલાં એક મજેદાર વાત કરવી છે. ફિલ્મ સંગીતના જેને ગોલ્ડન પિરિયડ કહે છે એ સમયગાળામાં એટલે કે



૧૯૪૬-૪૭થી શરૂ કરીને અમિતાભ બચ્ચનનો એંગ્રી યંગ મેનનો યુગ શરૂ થયો એ સમયગાળામાં હિન્દી ફિલ્મ સંગીતના કેટલાક ધુરંધરોએ સાઉથની ફિલ્મોમાં પણ જોરદાર સફળતા મેળવી. સી. રામચંદ્ર, શંકર જયકિસન, રવિ વગેરેએ સાઉથની ફિલ્મોમાં પણ જોરદાર સંગીત પીરસ્યું. એની તુલનાએ સાઉથના સંગીતકારો આ સમયગાળામાં હિન્દી ફિલ્મોમાં બહુ ફાવ્યા નહીં. 'કૂહુ કૂહુ બોલે કોયલિયા...' ફેમ સંગીતકાર આદિ નારાયણરાવ કે ઇલિયા રાજાએ પ્રયાસ કર્યો, પણ ધારી સફળતા મળી નહીં. એ આર રહેમાન તો બહુ મોડા આવ્યા. જોકે હિન્દી ફિલ્મોદ્યોગ સાથે સંકળાયેલા બહુ ઓછા સંગીતકારોએ ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું. જોકે વચ્ચે એક દાયકો એવો પણ આવી ગયેલો જ્યારે ગુજરાતી ફિલ્મોમાં 'વીર માંગડાવાળો' ને 'વીર પાઘડાવાળો' જેવી લોકકથાઓ પર આધારિત ફિલ્મોનો બહોળો ફાલ ઊતર્યો હતો.

સલિલદાની વાત કરતી વખતે આપણે એ પણ જોયું કે અમિતાભ બચ્ચનની ધુંઆધાર સફળ ફિલ્મો વચ્ચે પણ કેટલીક અન્ય જોનરની ફિલ્મોએ પણ સફળતા મેળવી. આસિત સેનની ફિલ્મ 'અન્નદાતા'માં આપણા ગરવા ગુજરાતી અભિનેતા ફિલ્મ સર્જક કેકે (કૃષ્ણકાન્ત)એ કામ પ્રત્યેની સલિલદાની ધગશ અને સમર્પિતતા જોઇ હતી અને સારા એવા પ્રભાવિત થયા હતા. કેકે પાસે એક સોશિયલ જોનરની ફિલ્મનું નિર્દેશન કરવાની ઓફર આવી ત્યારે કેકેએ સલિલદાનો સંપર્ક સાધ્યો. પહેલાં તો સલિલદાએ વિવેકભેર ના પાડી અને કહ્યું કે તમારી પાસે તો અવિનાશ વ્યાસ અને કલ્યાણજી-આણંદજી જેવા સમર્થ ગુજરાતી સંગીતકારો છે. કેકે માન્યા નહીં અને વ્યવહારુ સમજાવટ દ્વારા સલિલદાને રાજી કર્યા. એમને એમ પણ કહ્યું કે હું તમને એવા ગીતકાર સાથે કામ કરાવીશ જે તમને ગીતના શબ્દાર્થ ઉપરાંત ભાવાર્થ પણ સરળ રીતે ગળે ઊતારી દેશે.

માંડ માંડ સલિલદા રાજી થયા. કેકેએ સલિલદાને રાજી કરવા પહેલાં આપણા રોમાન્ટિક મિજાજના કવિ 'તારી આંખનો અફિણી' ફેમ વેણીભાઇ પુરોહિતને વાત કરી રાખી હતી કે હું એક ગુજરાતી ફિલ્મ કરી રહ્યો છું. એને માટે સંગીતકાર સલિલ ચૌધરીને પસંદ કર્યા છે. તમારે ગીતો લખવા ઉપરાંત સલિલદાને એ ગીતોનો ભાવાર્થ સમજાવી દેવાનો છે. વેણીભાઇએ સાવ સરળ શબ્દોમાં ત્રણ-ચાર ગીતો લખી આપ્યાં અને સલિલદા સાથે એની વિગતવાર ચર્ચા પણ કરી. સલિલદાને સંતોષ થયો. સંગીતની તૈયારી થવા માંડી ત્યારે વેણીભાઇ અને કેકેએ સલિલદાને એમના એક લોકપ્રિય બંગાળી ગીતની યાદ તાજી કરાવી અને કહ્યું કે આ ગીતની તર્જ પણ સરસ છે. શક્ય હોય તો એનો ઉપયોગ આપણે કરીએ.

કેકેની એ યાદદાર સોશિયલ ફિલ્મ એટલે 'ઘરસંસાર'. ગુજરાતી ભાષામાં ઘરસંસાર ટાઇટલ ધરાવતી ઓછામાં ઓછી ત્રણેક ફિલ્મો બની છે. આપણે જે ફિલ્મની વાત કરી રહ્યા છીએ એના કલાકારો હતા રાજીવ, રાગિણી, ઊર્મિલા ભટ્ટ, નીતા મહેતા, વિજય દત્ત અને વિષ્ણુકુમાર વ્યાસ. કેકે અને વેણીભાઇએ સલિલદાના જે ગીતની ફરમાયેશ કરી હતી એ ગીત મૂળ તો એક બંગાળી બાળગીત છે. સલિલદાની પુત્રી ગાયિકા અંતરા ચૌધરીએ ગાયેલું આ ગીત ખૂબ હિટ નીવડ્યું હતું. ગીત બંગાળી ભાષામાં છે. એ ગીત પણ સલિલદાએ રચ્યું હતું. એક ટાબરિયો કોઇ પંખી સાથે કાલીઘેલી ભાષામાં વાતો કરે છે અને એને વન્યજીવો તથા પ્રકૃતિ અંગે પૃચ્છા કરે છે એવી કલ્પના ગીતમાં વ્યક્ત થઇ છે. બંગાળી મુખડું છે- 'બુલબુલ પાખી મોયના તિયે, જનગણ શુનિયે દૂતો મોનેર ગાન...'

ઘરસંસારમાં ચાર ગીતો અને પિંગળશી ગઢવી રચિત બારમાસીનો એક છંદ છે જેમાં પોષ માસનું વર્ણન છે. ગુજરાતી ગીતોના લગભગ દરેક કાર્યક્રમમાં આ બારમાસીનો એકાદ છંદ સાંભળવા મળે. દરેક માસના વર્ણન પછી છેલ્લી પંક્તિમાં કહે છે કે 'કહે રાધેપ્યારી હું બલિહારી ગોકુળ આવો ગિરધારી...' આ એક પ્રકારની વિરહ રચના છે.

બે ગીતો આશા ભોંસલેના કંઠમાં છે. એક ગીત પ્રફુલ દવેના કંઠમાં છે. એક ગીત ઉષા મંગેશકર અને મનહર ઉધાસે ગાયું છે અને પોષ માસના છંદમાં દિવાળીબહેન ભીલ અને પ્રફુલ દવેનો કંઠ સંભળાય છે.

જે બંગાળી બાળગીતની તર્જ વિશે અગાઉ વાત કરી એ તર્જનો ઉપયોગ સલિલદાએ જે ગીતમાં કર્યો છે એ ગીત છે 'હો હાલો રે હંસા ઊંચે આકાશે ઊડી જઇએ, આજ ખૂટ્યાં આપણાં અંજળપાણી...' આ ગીત પ્રફુલ દવેના કંઠમાં છે. આ ગીત સાત માત્રાના રૂપક તાલમાં છે અને શબ્દોને જીવંત કરવામાં આ તાલ પણ સહાયક નીવડ્યો છે. પ્રફુલભાઇના કંઠમાં પૌરુષની સાથોસાથ ગજબની મધુરતા છે. તમે એમને સ્ટેજ પ્રોગ્રામમાં જુઓ તો એમની એક ખૂબી તરત ધ્યાનમાં આવે. એ હસતા મોઢે ગાતાં હોય છે.

આશા ભોંસલેએ ગાયેલાં બે ગીતોમાંનું એક ગીત કૌટુંબિક સંવેદના રજૂ કરે છે. 'દેવના દીધેલ દીકરા મારા, માવલડીના ધ્રુવના તારા...' શબ્દો પરથી સ્પષ્ટ થાય છે કે એક માતા પોતાના પુત્રને બિરદાવતાં ગાય છે. અહીં સંગીતકારે છ માત્રાનો દાદરા તાલ વાપર્યો છે.

આશાએ ગાયેલું બીજું ગીત આપણા રાસગરબાના હીંચ તાલમાં છે. 'અમારે આંગણે અવસર સોહામણો રે વાગે છે ઢોલ અને મીઠી શરણાઇ, મોજીલા મનડાના હિતની...'

ઉષા મંગેશકર અને મનહર ઉધાસે ગાયેલું ગીત સંધ્યાકાળે આકાશમાં સર્જાયેલી લાલિમા અને પ્રકૃતિ વર્ણનનું ગીત છે. ગુજરાતી ભક્તિ સંગીતમાં છૂટથી વપરાતા ચૌદ માત્રાના દીપચંદી તાલમાં નિબદ્ધ આ ગીતનું મુખડું છે - 'લાલી રે લાલી, કેવી આ સાંજ રૂમઝૂમ ચાલી, એવા શમણાં આભમાં રંગી...'

ફિલ્મ રજૂ થઇ ત્યારે હિટ કહી શકાય એ રીતે નિર્માતાએ ખર્ચેલા નાણાં પાછાં મેળવી આપવામાં સફળ થઇ હતી. અલવિદા સલિલદા...■

સીતા સાઇ પલ્લવીના એક્શન સીનનો વિવાદ, મેં આવા સીન કર્યાનું યાદ નથી : દીપિકા ચિખલિયા

નમિત મલ્હોત્રાની રામાયણ ભાગ વન થિયેટર્સમાં રજૂ થયા બાદ તેના ટ્રેલર પર ઓળઘોળ થઇ જનારાં લોકો હવે ફિલ્મ જોયા બાદ તેમની શરૂઆતની પ્રશંસા પાછી ખેંચી રહ્યા છે. બીઆર ચોપડાના મહાભારતમાં શ્રીકૃષ્ણની ભૂમિકા ભજવનારા નિતિશ ભારદ્વાજે ફિલ્મ જોયા બાદ જણાવ્યું હતું કે રામાયણના વખાણ કરવા માટે મને એક પણ સારો શબ્દ જડતો નથી. બીજી તરફ રામ ગોપાલ વર્માએ રામાયણને સિનેમાનો તાજમહેલ ગણાવી હતી.

બીજી તરફ સીતાની ભૂમિકામાં સાઇ પલ્લવીની પસંદગી ઘણાંને ગમી નથી. તેમાં પણ તાજેતરમાં જયાપ્રદાએ ૧૯૯૭માં આવેલી ફિલ્મ લવકુશમાં પોતે ભજવેલી સીતાની ભૂમિકાનો ફોટો સોશ્યલ મિડિયા પર મુક્યો બાદ નેટીઝન્સે જયાપ્રદાને સીતા તરીકે આદર્શ ગણાવી હતી. સાઇ પલ્લવીએ ફિલ્મમાં એક્શન



રામાયણને બોક્સ ઓફિસ પર ૧૦૦૦ કરોડની કમાણીઃ રામગોપાલ વર્માએ તેને ફિલ્મોની તાજમહેલ ગણાવીઃ નીતિશ ભારદ્વાજ પાસે તેના વખાણ કરવા શબ્દ નથી

દૃશ્યો પણ કર્યા હોઇ તે ઘણાંને ખટક્યુ છે. આ મામલે પ્રતિભાવ આપતાં રામાનંદ સાગરની ટીવી શ્રેણી રામાયણમાં સીતાની ભૂમિકા ભજવનારી દિપિકા ચિખલિયાએ જણાવ્યું હતું કે મેં ઇન્સ્ટા પર આ સિક્વન્સ જોઇ છે. પણ મને આ બાબતની કશી જાણ નથી. રામાનંદ સાગરની રામાયણમાં વાલ્મિકી રામાયણ અને તુલસીદાસના રામચરિત માનસનો આધાર લેવામાં આવ્યો હતો પણ મેં આવા કોઇ સીન કર્યા હોવાનું મને યાદ નથી.

દિપિકાએ જણાવ્યું હતું કે આપણા દેશમાં ૩૦૦ કરતાં વધારે રામાયણ છે અને બધાંની કથા સહેજ સહેજ અલગ પડે છે. શક્ય છે કે રામાયણ ફિલ્મના સર્જકોએ કોઇ રામાયણમાંથી આવા સીન અપનાવ્યા હશે. પણ મને આવી રામાયણની કશી જાણ નથી. સલમાનખાને રામાનંદ સાગરની રામાયણ જોઇ હોવાનું જણાવતાં મને આનંદની લાગણી થાય છે. તમામ પ્રકારના વિવાદો વચ્ચે નિતેશ તિવારી નિર્દેશિત રામાયણ ફિલ્મ બોક્સ ઓફિસ પર એક હજાર કરોડ રૂપિયાની કમાણી કરવામાં સફળ થઇ છે. ફિલ્મના તોતિંગ બજેટને જોતાં આ કમાણી પ્રમાણમાં ઓછી છે પણ અન્ય રીતે નિર્માતાઓ નાણાં રળી લેશે તો તેમને નુકશાન થાય તેમ લાગતું નથી. રામાયણનો બીજો ભાગ ૨૦૨૮માં દિવાળીના તહેવારોમાં રજૂ કરવામાં આવશે ■

કનિકા માનેએ વ્યથા વર્ણવી : મારો બોયફ્રેન્ડ બહુ હિંસક હતો

રિયાલિટી શોના એક એપિસોડમાં કનિકા માને પોતાના ભૂતકાળની એક વ્યથા જણાવી હતી. અભિનેત્રીએ કહ્યુ હતું કે તેનો બોયફ્રેન્ડ બહુ હિંસક હતો. તેને માનસિક અને શારીરિક રીતે પજવી હતી.એક વખત તો તેણે કનિકાની સામે જ પોતાને ચાકુથી ઘાયલ કરી દીધો હતો. તેના આ વર્તનથી તે મને પણ એક દિવસ ઈજા પહોચાડશે તેવો ડર મારા મનમાં પેસી ગયો હતો.

કનિકાએ વધુમં કહયુ હતું કે, કોલેજના પહેલા વરસથી તે તેનો બોયફ્રેન્ડ હતો. તેની કોલેજની ફ્રેન્ડસ પોતાના બોયફ્રેન્ડ સાથે મોડી રાત સુધી વાતો કરતી હતી તે જોઇને તેને પણ બોયફ્રેન્ડ બનાવવાનું મન થયું હતું. પરિણામે તેણે પોતાનો એક ફેસબુક એકાઉન્ટ બનાવ્યો હતો. તેમાં એક યુવકે તેને વધુ ભાવ દેવા લાગ્યો અને ધીરે ધીરે તેનો બોયફ્રેન્ડ બની ગયો હતો. જોકે પછીથી તેનો આ સંબંધ ડરામણો અને કડવો પુરવાર થયો હતો. આ સંબંધ દરમિયાન તેને જાણ થઇ હતી કે તેનો બોયફ્રેન્ડ સાયકો હતો.

કનિકાએ વધુમાં કહ્યું હતું કે, તેના આ ભૂતપૂર્વ બોયફ્રેન્ડે કનિકાને સ્ટ્રેપવાળા સિંગલ ડ્રેસમાં જોતા થપ્પડ મારી દીધી હતી. તેના પિયર્સિંગમાંથી રક્ત વહેવા લાગ્યું હતું. આ તમાશો તેના બોયફ્રેન્ડે જાહેરમાં કર્યો હતો અને તેમની વચ્ચે તેને બનાવવા માટે કોઇ આગળ આવ્યું નહોતું જે જોઇને તે આઘાત લાગી ગયો હતો. અભિનેત્રી વધુમાં કહ્યું હતુંકે હાલ તેના જીવનમાં કોઇ પુરુષ નથી અને તે સિંગલ છે. તેનો એ બોયફ્રેન્ડ નાની-નાની વાતમાં ગુસ્સો કરતો હતો. તે તેની સાથે બહાર જવાની ના પાડતી તો તેના પિતાને ફોન કરીને ધમકીઓ આપતો હતો. જોકે એ સમયે તેના પિતાએ એ ફોનનો ઉત્તરઆપ્યો નહોતો. પરંતુ કનિકાને ત્યારે થયું હતું કે જો તેના પિતાએ એ વખતે તેના બોયફ્રેન્ડ સાથે વાત કરી હોત તો ત્યારે જ તેના સંબંધનો અંત આવી ગયો હોત. કનિકાએ પોતાની વાત આગળ વધારતા કહ્યું હતુંકે, તેણે તેને સાથે છેડો ફાડવાનો નિર્ણય લઇ લીધો હતો. એક દિવસ

'મારો એ બોયફ્રેન્ડ નાની-નાની વાતમાં ગુસ્સો કરતો હતો. હું તેની સાથે બહાર જવાની ના પાડતી તો મારા પિતાને ફોન કરીને ધમકીઓ આપતો. જોકે એ સમયે મારા પિતાએ એને ફોનનો ક્યારેય ઉત્તરઆપ્યો નહોતો.'

ઠંડીના દિવસોમાં તેનો બોયફ્રેન્ડ હૂડી પહેરીને હાથમાં ચાકુ લઇને તેની પાસે પહોંચ્યો હતો. તેણે પોતાના કાંડા પર ત્રણ-ચાર ઘા મારી દીધા હતા અને તે લોહીથી તારા સેંથામાં સિંદૂર પૂરીશ તેવી ધમકી આપી હતી. કનિકો તેના ક્લાસમેટને પોલીસને ફોન કરવાનું કહ્યું હતું અને પછીથી પોલીસે તેને જેલમાં બે-ત્રણ દિવસ માટે બંધ કરી દીધો હતો. પરંતુ આ પછી પણ તેને અને તેના પરિવારને ધમકીઓ આપ્યા કરતો હતો. કનિકાએ પરિવારના વખાણ કરતાં કહ્યું હતુંક , તેમણે તેને પૂરો સપોર્ટ કર્યો હતો અને એ ટ્રોમામાંથી બહાર નીકળવાની મદદ કરી હતી.

કનિકાનું નામ તેના કો-સ્ટાર નિસાંત સિંહ મમલકાની સાથે જોડાયું હતું. જોકે બન્ને પોતે ખાસ મિત્રો હોવાનો દાવો કર્યો હતો. ■

TV TALK

અમૃતા રાવની બહેન પ્રીતિકા રાવે લગ્ન કર્યા



અભિનેત્રી અમૃતા રાવની બહેન પ્રીતિકા રાવે તાજેતરમાં લગ્ન કરી લીધાની તસવીરો શેર કરી હતી. જેમાં ખાસ વાત એ છે કે તેણે લગ્ન દરમિયાનની તસવીરો શેર કરી હતી જેમાં તેના પતિની ઓળખ છુપાવવા માટે ઝાંખી કરી નાખી હતી. જોકે તેણે સોશયલ મીડિયા પર શેર કર્યું હતું કે, તેનો પતિ તમિલ-બ્રાહ્મણ પરિવારમાંથી આવે છે. તેમજ તે પોતે મેગલોરિયન હોવાથી બન્નેના પરિવારમાં ઘણી સરખામણી છે. પરંતુ અભિનેત્રીએ પોતાના પતિની ઓળખ છુપાવવા માટે તસવીર ઝાંખી કરી દીધી હતી જેથી ચાહકો આશ્ચર્યમાં પડી ગયા હતા.

ટેલિવિઝનના હિટ શો બેઇતહાંમાં આલિયાનો લેલ નિભાવનારી પ્રીતિકા રાવે ગલુરુના આર્ટઓફ લિવિંગ સેન્ટરમાં એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા. જેમાં તે પોતાના આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી વિશંકર સાથે જોવા મળી હતી અને તેમના આશીર્વાદ પણ લીધા હતા.

પ્રીતિકાએ પોતાના લગ્નના સમારંભની તસવીરો શેર કરતાં લખ્યુ હતું કે, મારા સદભાગ્યે મારા લગ્નમાં શ્રી શ્રી રવિ શંકર સામેલ થયા હતા. ઉપરાંત મારા પરિવાર અને મારી બહેન અમૃતા રાવ અને મારા મિત્રોનો મારા લગ્નમાં હાજર રહેવા માટે હું તેમનો આભાર માનું છું.

લવ ગિલ અને સ્કાઉટ ઓપી પડદા પર બાખડી પડયાં



લોકપ્રિય રિલાયિટી શોના એક પ્રોમોમાં દર્શકોનું ભરપુર મનોરંજન થતું જોવા મળવાનું છે. હાલમાં એક પ્રોમોમાં લવ ગિલ અને સ્કાઉટ ઓપી વચ્ચે શોમાં અણબણ વધતી જતી દેખાડવામાં આવી છે. સ્કાઉટ ઓપીનો ગુસ્સો અને ઇમોશન ભરેલો અંદાજથી દર્શકો અચંબામાં પડી જશે.સવાર-સવારના લવ સાથે વાત કરવાના પ્રયાસ પછી લવ તેને નજરઅંદાજ કરી દે છે અને બન્ને વચ્ચે ફરી તીર્વ વિવાદ થતો જોવા મળશે આ પછી સ્કાઉટ અચાનક વૃક્ષ પર ચડી જશે અને ઉદિતી તેને રોકવાના પ્રયાસ કરે છે. પરંતુ તે વૃક્ષ પરથી કૂદવાની વાત કરે છે એટલું જ નહીં સ્કાઉટ પણ પોતાના માથાના વાળને શેવ કરી લેવાના પ્રયાસમાં માહી તેને રોકવાની કોશિશ કરતી જોવા મળી.

ગોરવ ખન્ના અને શ્રદ્ધા આર્યા પ્રથમ વખત એક સીરિયલમાં સાથે જોવા મળશે



ટેલિવિઝનની દુનિયાના લોકપ્રિય ચહેરાઓ ગૌરવ ખન્ના અને શ્રદ્ધા આર્યા પ્રથમ વખત સાથે કામ કરતા જોવા મળશે. એકતા કપૂરના નવા શો દિલ કી બેવફાઈંયામાં માનવ અને જાનકીના પાત્રોમાં પતિ-પત્નીની ભૂમિકા ભજવશે. આ સીરિયલની વાર્તા લગ્નના ઘણા વરસો પછીની જિંદગીની અને સંબંધો છુપાયેલી અધૂરી ઇચ્છાઓની આસપાસ ઘૂમતી જોવા મળશે. જાનકી પોતાના લગ્નજીવનમાં નાની-નાની ખુશીઓથી સંતુષ્ટ હોવાનું જોવા મળશે. પરંતુ તેના પતિ માનવના મનમાં એક ઇચ્છા હોય છે જે પોતાની પત્નીને કહી શકતો નથી.

સમૃદ્ધિ શુક્લા યે રિસ્તા ક્યા કહલાતા હૈની ભૂમિકાથી સંતુષ્ટ



ટેલિવિઝનની લોકપ્રિય સીરિયલ યે રિસ્તા ક્યા કહલાતા હૈમાં સમૃદ્ધિ શુક્લા અભીરાની ભૂમિકામાં જોવા મળે છે. તેણે પોતાના આ સીરિયલમાં ટીન એજરથી લઇને માતા સુધીની ભૂમિકા ભજવી છે. અભિનેત્રીએ આ સીરિયલની પોતાની સફર બાબતે જણાવ્યુ હતુંકે, યે રિસ્તા ક્યા કહલાતા હૈમાં એક ટીન એજરથી માતા સુધી બનવાની સફર મારા માટે પડકારજનક રહી હતી. વાસ્તવિક જીવનમાં તે પોતે માતા ન બની હોવા છતાં પણપડદા પર આ ભાવનાઓને સમજીવી પડી હતી. ખાસકરીને પુત્રીમ ાયાના અભ્યાસને લઇને વિદેશ મોકલવાનો ટ્રેકની ક્ષણો તેના માટે ભાવુક બની ગઇ હતી.

વિજુ શાહ: સિન્થેસાઈઝરના સુપરસ્ટાર, સંગીતના બાદશાહ

બોલ બેસલાઈન્સ, મંત્રમુગ્ધ કરી દેતા સિન્થેસાઈઝર અને ટ્રાન્સ જેવા તાલ... હિન્દી ફિલ્મ સંગીતમાં જ્યારે ઈલેક્ટ્રોનિક મ્યુઝિકનો નવો યુગ શરૂ થયો ત્યારે તેના અગ્રદૂત હતા સંગીતકાર વિજુ શાહ. મહાન સંગીતકાર કલ્યાણજીના પુત્ર વિજુ શાહે ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં પોતાના અનોખા સંગીતથી બોલીવૂડમાં એક નવી ઓળખ ઊભી કરી. કિંગ ઓફ સિન્થ સાઉન્ડ તરીકે જાણીતા વિજુ શાહનું સંગીત આજે પણ યુવા પેઢીને થિરકવા મજબૂર કરે છે.

સંગીતના સંસ્કાર અને નવી ટેકનોલોજીનો સંગમ

વિજુ શાહના ઘરમાં બાળપણથી જ સંગીતમય વાતાવરણ હતું. માત્ર પાંચ વર્ષની વયે તેમણે હાર્મોનિયમ પર બીન વગાડતા શીખી લીધું. પિતા કલ્યાણજીના માર્ગદર્શન હેઠળ સંગીતનું શાસ્ત્રીય શિક્ષણ મેળવવાની સાથે સતત રિયાઝ કરતા રહ્યા. ૧૯૭૪ની આસપાસ તેઓ કાકા બાબલા સાથે મ્યુઝિકલ શોમાં જોડાયા. ફિજી અને ન્યુઝીલેન્ડના પ્રવાસ દરમ્યાન તેમણે મીની-કોર્ગ ૩૦૦ સિન્થેસાઈઝર ખરીદ્યું. તેના પર વગાડેલું પ્રથમ ગીત હતું, 'ડોન'નું 'યે મેરા દિલ પ્યાર કા દિવાના'. ત્યાર પછી દિગ્ગજ સંગીતકારો માટે તેમણે કીબોર્ડ વગાડ્યું અને પોતાની આગવી ઓળખ બનાવી.

'યુદ્ધ'થી શરૂ થઈ સફળતાની સફર

૧૯૮૫ની ફિલ્મ 'યુદ્ધ'માં રાજીવ રાય સાથેની મુલાકાતે તેમની કારકિર્દીને નવો વળાંક આપ્યો. ફિલ્મનું 'ડંકે પે ચોટ પડી હૈ' તેમનું સંગીતકાર તરીકેનું પ્રથમ ગીત હતું. બેસલાઈન્સ અને સિન્થના આધુનિક પ્રયોગોએ સૌનું ધ્યાન ખેંચ્યું. ૧૯૮૯ની 'ત્રિદેવ' વિજુ શાહ માટે મોટી સફળતા સાબિત થઈ. 'મૈં તેરી મહોબ્બત મેં'ની રોમેન્ટિક ધૂન અને 'ઓયે ઓયે ... તિરછી ટોપીવાલે'ના સિન્થ-પોપ અંદાજે સંગીતપ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા. આ ફિલ્મે થિયેટરોમાં ફરી હાઉસફુલના બોર્ડ લગાવડાવ્યા. નસીરુદ્દીન શાહે પણ મજાકમાં કબૂલ કર્યું કે આ ગીતે તેમને કમર્શિયલ ફિલ્મના હીરો બનાવી દીધા.

'વિશ્વાત્મા'થી મોહરા સુધી સંગીતનો જલવો

૧૯૯૨ની 'વિશ્વાત્મા'માં વિજુ શાહે ભારતીય સંગીત અને આંતરરાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક સાઉન્ડનો અદ્‌ભુત સમન્વય કર્યો. 'સાત સમંદર પાર' ડિસ્કોથેકનું લોકપ્રિય ગીત બન્યું. 'દિલ લે ગઈ તેરી બિંદિયા' અને 'તૂફાન' પણ યાદગાર રહ્યા.

૧૯૯૪ની 'મોહરા'એ તેમની લોકપ્રિયતાને નવી ઊંચાઈ આપી. 'ના કજરે કી ધાર', 'તુ ચીજ બડી હૈ મસ્ત મસ્ત' અને 'ટિપ ટિપ બરસા પાની' આજે પણ સંગીત પ્રેમીઓના દિલમાં જીવંત છે. ખાસ કરીને 'તુ ચીજ બડી હૈ મસ્ત મસ્ત' ગીતનો મુખડો આનંદ બક્ષીના યાદગાર શબ્દો અને વિજુ શાહની ધૂનનું ઉત્તમ ઉદાહરણ બન્યો.

'ગુપ્ત' અને 'તેરે મેરે સપને'નો જાદુ

૧૯૯૭ની થ્રિલર ફિલ્મ 'ગુપ્ત'માં તેમણે ટ્રાન્સ અને ગેરેજ મ્યુઝિકનો પ્રયોગ કર્યો. 'ગુપ્ત ગુપ્ત', 'દુનિયા હસીનો કા મેલા' અને 'મુશ્કિલ બડા યે પ્યાર હૈ' ગીતોએ અલગ જ સંગીતમય માહોલ સર્જ્યો. ફિલ્મના બેકગ્રાઉન્ડ સ્કોર માટે તેમને ૧૯૯૮માં ફિલ્મફેર એવોર્ડ મળ્યો.

'તેરે મેરે સપને'નું 'આંખ મારે' ગીત પણ જબરદસ્ત હિટ થયું. કુમાર શાનુ અને કવિતા કૃષ્ણમૂર્તિના અવાજ સાથે વ્હીસલિંગ લૂપ્સે ગીતને ચાર્ટબસ્ટર બનાવ્યું. આ ગીતનું નવું વર્ઝન સિમ્બામાં પણ સુપરહિટ રહ્યું.

ફિરોઝ ખાન સાથે યાદગાર સંગીતયાત્રા

ફિરોઝ ખાનને પણ ઈલેક્ટ્રોનિક સંગીતનો ખાસ શોખ હતો. 'કુર્બાની'માં વિજુ શાહે કાકા બાબલા સાથે સિન્થેસાઈઝરનો ભરપૂર ઉપયોગ કર્યો. 'લૈલા ઓ લૈલા'ના યાદગાર વ્હીસલિંગ હૂક અને રોટોટ્રમ્સે ગીતને અમર બનાવી દીધું. 'જાંબાઝ'માં 'હર કિસી કો નહીં મિલતા યહાં પ્યાર ઝિંદગી મેં' ગીત લંડનના ઐતિહાસીક એબી રોડ સ્ટુડિયોમાં રેકોર્ડ થયું હતું. ફિરોઝ ખાને વિજુ શાહને યામાહા ડીએક્સ ૭ સિન્થેસાઈઝર ભેટ આપ્યું હતું, જેને તેઓ આજે પણ સાચવીને રાખે છે.

મહાન સંગીતકાર કલ્યાણજીના પુત્ર વિજુ શાહે ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં પોતાના અનોખા સંગીતથી બોલિવુડમાં એક નવી ઓળખ ઊભી કરી હતી. કિંગ ઓફ સિન્થ સાઉન્ડ તરીકે જાણીતા વિજુ શાહનું સંગીત આજે પણ યુવા પેઢીને થિરકવા મજબૂર કરે છે.



મસ્તીભર્યું સંગીત અને અવિરત પ્રયોગો

૧૯૯૮ની 'બડે મિયાં છોટે મિયાં'માં 'મખના', 'કિસી ડિસ્કોમેં જાયે' અને 'છુટકી નબ્બે તાલ' જેવા ગીતોએ ધૂમ મચાવી. તેમાં ઈલેક્ટ્રોનિક સાઉન્ડ સાથે તબલા અને ઢોલકનું સુંદર ફ્યુઝન જોવા મળ્યું.

આજે પણ 'રઈસ'માં 'લૈલા ઓ લૈલા' અને 'બોસ'માં 'હર કિસી કો નહીં મિલતા' જેવા ગીતોનું પુનઃસર્જન થયું છે. 'સૂર્યવંશી'માં 'ટિપ ટિપ બરસા પાની' અને 'ધુરંધરઃ રિવેન્જ'માં 'રંગ દે લાલ' (ઓયે ઓયે)ની હાજરી તેમના સંગીતની અવિનાશી લોકપ્રિયતાનો પુરાવો છે.

ગીતની સફળતા જ ખરી કસોટી

વિજુ શાહ માને છે કે ગીતની રચનામાં માત્ર ધૂન જ નહિ, પણ શબ્દોનું પણ એટલું જ મહત્વ છે. તેમના પિતા કલ્યાણજી ગીતમાં ૬૦ ટકા મહત્વના શબ્દો અને ૪૦ ધૂનની તરફેણ કરતા. વિજુ શાહ પણ આ વિચારને અનુસરે છે.

વિજુ શાહના મતે કોઈ ધૂન કે સંગીત પ્રયોગથી પ્રેરણા લેવી ખોટુ નથી, પણ તેમાં પોતાની સર્જનાત્મકતા ઉમેરવી જરૂરી છે. અંતે ગીત કેટલું લોકપ્રિય બને છે એ જ તેની ખરી કસોટી છે.! ■

આયુષ શર્મા: યુવા ભારતીય કલાકારો દર્શકોની ઈચ્છા ઓળખવામાં ઊણા

આજના કલાકારો માટે પ્રેક્ષકો સાથે જોડાણ બનાવવું કંઈ મુશ્કેલ તો નથી જ, પણ પ્રેક્ષકોને સમજવું એ જ બાબત છે જ્યાં ઘણાં લોકો નિષ્ફળ જાય છે, એવી માન્યતા આયુષ શર્મા ધરાવે છે. 'લવયાત્રી' (૨૦૧૮)ના આ અભિનેતા જેણે સલમાન ખાનની બહેન અર્પિતા ખાન સાથે લગ્ન કર્યા છે તેણે પણ સુપરસ્ટારની કાયમી લોકપ્રિયતાનો રિંગસાઈડ દ્રષ્ટિકોણ રાખ્યો છે.

'સોશિયલ મીડિયાને કારણે આપણે અમેરિકા, પેરિસ અને લંડનમાં બનતી ઘટનાઓથી પરિચિત થઈએ છીએ, પણ ધીમે ધીમે ભારત સાથેનો સંપર્ક ગુમાવી રહ્યા છીએ.'

સલમાન ખાન, શાહરૂખ ખાન અને સંજય દત્ત જેવા સફળ કલાકારોનું ઉદાહરણ આપતાં તેણે જણાવ્યું છે કે આ કલાકારોએ લોકો સાથે કાયમી બંધન જમાવ્યું છે.

આયુષ વ્યક્તિત્વની ભાવના અને ભારતની ઊંડી સમજણને તે જોડાણ પ્રાપ્ત કરવા માટે મદદ કરે છે. મને લાગે છે કે તે મુશ્કેલ નથી, મને લાગે છ કે તે ફક્ત ડિસ્કનેક્ટ છે. ઘણા યુવા કલાકારો ભારત શું છે અને ભારતીય દર્શકો તેમની પાસેથી શું ઈચ્છે છે તેનાથી અલગ છે-સાવ ભિન્ન છે. લોકપ્રિય કલાકારોએ કેવી રીતે અલગ ઓળખ વિકસાવી છે જેને દર્શકો તરત જ ઓળખી લે છે તે તરફ ધ્યાન ખેંચતા આયુષ કહે છે, જ્યારે ફેશનની વાત આવે છે ત્યારે પણ તેઓ વ્યક્તિગત છે. સંજય દત્તસરની શૈલી, સલમાનભાઈની શૈલી અને શાહરૂખ સરનો દેખાવ પ્રતિષ્ઠિત



તેઓ ભારતને ખૂબ સારી રીતે જાણે છે-ઓળખે છે, એમ આયુષે જણાવ્યું હતું.

સોશિયલ મીડિયાના આગમન સાથે આપણે અમેરિકા, પેરિસ અને લંડનમાં બનતી ઘટનાઓથી પરિચિત થઈએ છીએ, પણ તેની સાથે આપણે ધીમે ધીમે ભારત સાથેનો સંપર્ક ગુમાવી રહ્યા છીએ. મુંબઈ, દિલ્હી અથવા હૈદરાબાદ જેવા શહેરોમાંથી જ્યારે તમે બનારસ કે જયપુર જેવા શહેરોમાં જાઓ છો, ત્યારે તમને અચાનક જુદા જુદા લોકો, અલગ-અલગ માનસિકતા અને વસ્તુઓ પ્રત્યેના અભિગમોનો સામનો કરવો પડે છે. આજના સમયકાળ અને યુગમાં સોશિયલ મીડિયાના આગમન સાથે મોટાભાગના કલાકારો અભિનેતા બનવાને બદલે પ્રભાવશાળી (ઈન્ફ્લુએન્સર) બનવાની નજીક પહોંચી રહ્યા છે. વાસ્તવમાં તેઓ લોકોના લોકો તો નથી જ અને તેઓ લોકોના સ્ટાર્સ પણ નથી. મને લાગે છે કે કલાકારો માટે તો ફક્ત ભારત શું છે એ સમજવાની જરૂર છે, એમ આયુષે કહ્યું હતું.

સલમાન ખાનનું અનુકરણ ન કરો

સલમાન ખાનને નિકટથી નિહાળ્યા પછી આયુષ કહે છે કે 'સુપરસ્ટારના ગુણો-આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વ તો એવી આભા છે જેની પ્રશંસા કરી શકાય છે, પરંતુ જરૂર નથી કે તેનું અનુકરણ કરવામાં આવે,' એમ કહી આયુષ ઉમેરે છે, તેઓ લોકોને પ્રેરણા આપી શકે છે, પરંતુ તેમનું અનુકરણ કરી શકાતું નથી કારણ કે તેઓ જે કરે છે તેમાં તેઓ ખૂબ જ વ્યક્તિગત છે અને તે તેઓ ખૂબ યોગ્ય રીતે કરે છે. જો તમે તે કરવાનો પ્રયાસ કરો છો તો તે નિષ્ફળ જાય છે. એક બાબત જે તમે તેની પાસેથી શીખી શકો છો તો તે છે ફક્ત તમે તમારી જાતને ઓળખો અને તે બનો, એમ આયુષે કહ્યું હતું. ■



'ખલનાયક ગણાતા લોકોમાં માત્ર અવગુણ જ હોય એવું માની લેવું ભૂલભર્યું ગણાય. તમારે વ્યક્તિગત મંતવ્યો કોરાણે મૂકીને તેમને સમજવા પડે. કોઈપણ વ્યક્તિ ન તો સર્વગુણસંપન્ન હોય છે કે ન તો સાવ જ છેલ્લી પાટલીએ બેસાડવી પડે એવી હોય છે.'

ધાર્મિક વિવાદને કારણે કાનૂની વિવાદમાં ફસાયેલી બોલિવુડ હસ્તીઓ



ભારતીય ફિલ્મ અને મનોરંજન જગતની ઘણી જાણીતી હસ્તીઓ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવા માટેના આરોપમાં એફઆઈઆર, કોર્ટ નોટિસ અથવા તો સમન્સનો સામનો કરી ચુકી છે

સની દેઓલ અને રણદીપ હુડા, ફિલ્મ: જાટ

ફિલ્મ જાટના એક દ્રશ્યને લઈને ઈસાઈ સમુદાયે ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવી હોવાના આરોપમાં જલંધર પોલીસે, આ અભિનેતાઓ, દિગ્દર્શક ગોપીચંદ માલિનેની અને નિર્માતાઓના વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની ધારા ૨૯૯ હેઠળ એફઆરઆઈ નોંધી હતી.

મનોજ બાજપાયી અને નીરજ પાંડે, ફિલ્મ: ધૂસખોર પંડિત

ફિલ્મના શીર્ષકને લઈને થયેલા વિવાદ પછી લખનૌમાં દિગ્દર્શક નીરજ પાંડે અને ચીમ વિરુદ્ધ ધાર્મિક અન જાતીય ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં પ્રાથમિકિ નોંધવામાં આવી હતી.

કરીના કપૂર ખાન, પુસ્તક: પ્રેગ્નન્સી બાઈબલ

કરીના કપૂર ખાનનું પુસ્તક પ્રેગ્નન્સી બાઈબલના શીર્ષકમાં બાઈબલ શબ્દનો ઉપયોગ કરવા માટે ઈસાઈ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચી હોવાનો આરોપ મુકાયો હતો. પરિણામે કરીનાને મધ્ય પ્રદેશની હાઈકોર્ટે નોટિસ મોકલી હતી. એક દિવાળી પોસ્ટમાં કુરાનને લગતું એમરલ્ડ પેડન્ટ પહેરવા પર પણ તેને કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી.

પ્રકાશ રાજ

કોઝિકોઢમાં કેરલ સાહિત્ય મહોત્સવ દરમિયાન ભગવાન રામ અને રામાયણ પર કથિત વિવાદિત ટિપ્પણી કરવાના આરોપમાં તેના વિરુદ્ધ બીએનએસની વિભિન્ન ધારાઓ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી.

નયનાતારા, ફિલ્મ:અન્નપૂર્ણાની

તમિલ ફિલ્મ અન્નપૂરણાનીના થોડા દ્રશ્યોને લઈને ભગવાન રામનું અપમાન કપવા બદલ અને ધાર્મિક લાગણીને ભકાવવાના આરોપમાં જબલપુર પોલીસે અભિનેત્રી નયનતારા અને ફિલ્મના નિર્માતાઓ વિરુદ્ધ એફઆરઆઈ નોંધવામાં આવી હતી.

એક દિવાળી પોસ્ટમાં કુરાનને લગતું એમરલ્ડ પેડન્ટ પહેરવા પર કરીના કપૂર ખાન પર કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી. મનોજ બાજપાયી અને નીરજ પાંડેની ફિલ્મના ટાઈટલ 'ધૂસખોર પંડિત'ને કારણે વિવાદ થઈ ગયેલો.

રવીના ટંડન. ફરાહ ખાન અને ભારતી સિંહ, ટીવી શો : બેકબેન્ચર્સ

આ શો દરમિયાન ઈસાઈ ધર્મ સાથે જોડાયેલા એક શબ્દહાલેલુયા શબ્દબદલ મજાક ઉડાડવાના કારણે અમૃતસર પોલીસે આ ત્રણેય હસ્તીઓ વિરુદ્ધ મામલો નોંધ્યો હતો પછી જોકે પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટથી તેને અંતરિમ રાહત મળી હતી.

રાજકુમાર રાવ, ફિલ્મ : બહન હોગી તેરી

રાજકુમાર રાવની ફિલ્મ બહન હોગી તેરીના પોસ્ટરમાં ભગવાન શિવના રૂપમાં જોવા મળવાથી લઈને જલંધરમાં તેના અને નિર્માતાઓ વિરુદ્ધ ધાર્મિક ભાવનાઓ દુભાવવાની એફઆરઆઈ નોંધવામાં આવી હતી. અદાલતે એમ કહીને રદ કરી હતી કે તેના પાછળ કોઈને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નહોતો.

રણવીર સિંહ

ગોવામાં આયોજિત ફિલ્મ મહોત્વમાંના મંચ પર કાંતારા ફિલ્મના એક દ્રશ્યની નકલ કરીને દેવીની મજાક ઉડાડવાના આરોપ હેઠળ અભિનેતાને કાનૂની વિવાદનો સામનો કરવો પડ્યો હતો. તેને માફી માંગવાની સાથેસાથે દેવીના દર્શન કરવા પણ જવું પડ્યું હતું.

દીપિકા પદુકોણ અને શાહરૂખ ખાન, ફિલ્મ : પઠાન

ફિલ્મ પઠાનના ગીત બેશર્મ રંગમાં ભગવો રંગ ધારણ કરેલા પરિધાન પહેરવાથી ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવાના ઓરપ માટે મુંબઈ પોલીસમાં ફરિયાદ કરવામાં વી હતી.

ઋતિક રોશન

૨૦૧૬માં ઋતિક રોશને મહારાષ્ટ્ર સ્ટેટ માઈનોરિટીઝ કમીનશના ભૂતપૂર્વ વાઈસ-ચેરમેન અબ્રાહમ મથાઈ પોપનો ઉલ્લેખના એક ટ્વીટ બદલ કાયદાકીય નોટિસ મળી હતી. તેણે સ્પષ્ટ કર્યું હતું કે કોઈની પણ ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવાનો અને નારાજ કરવાનો ઈરાદો નહોતો. ■

હરલીન સેઠી

અભિનેત્રીના મનને સ્પર્શે છે ખલનાયકોની ભલમનસાઈ

એમ કહેવાય છે કે કોઈનું ભલું કરવા જૂઠનો સહારો લેવો કે કોઈક સાથે લડી પડવું ખોટું ન ગણાય. આમ છતાં ભલમનસાઈ માટે અન્યો સાથે ભીડાતા લોકોને હમેશાં ખરાબ જ ચીતરવામાં આવે છે. જ્યારે ખરેખર આવા લોકોમાં માણસાઈ ઠાંસી ઠાંસીને ભરેલી હોય છે. બસ, જરૂર છે તેમના આશય સમજવાની.

અભિનેત્રી હરલીન સેઠીને આવા કિરદાર નિભાવવા ગમે છે. તે કહે છે કે નૈતિક રીતે ગ્રે પાત્રો ભજવીને હું સમાજ સમક્ષ તેમની ધુમિલ થયેલી છબિ અજવાળવા માગું છું. સમાજની નજરે જે લોકો ખરાબ ગણાય છે તેઓ હમેશાં ખોટા કે કે વિલન જેવા નથી હોતા.

તાજેતરમાં રજૂ થયેલી વેબ સીરિઝ 'શક : ટ્રસ્ટ નો વન'માં હરલીને આવું જ કિરદાર અદા કર્યું હતું. 'શ્રેયા'ની ભૂમિકામાં તે તેની સખી (પરિણિતી ચોપરા) સાથે વિશ્વાસઘાત કરે છે. અદાકારા કહે છે કે આ રોલ ભજવવાનું જટિલ હતું, આમ છતાં મને લાગ્યું કે આ પાત્ર રજૂ કરવાનો પડકાર ઝીલી લેવા જેવો છે. વાસ્તવમાં મેં આપણા સમાજમાં વસતા 'નૈતિક વિલનો'ની ખરી નિયત લોકો સમક્ષ રજૂ કરવા માટે જ આ રોલ સ્વીકાર્યો હતો.

હરલીન વધુમાં કહે છે કે સમાજકંટક ગણાતા લોકોમાં માત્ર અવગુણ જ હોય એવું માની લેવું ભૂલભર્યું ગણાય. તમને તમારા વ્યક્તિગત મંતવ્યો કોરાણે મૂકીને તેમને સમજવા પડે. વળી કોઈપણ વ્યક્તિ સર્વગુણ સંપન્ન અથવા સાવ જ છેલ્લી પાટલીએ બેસાડવા જેવી ન હોય. કાળા માથાના પ્રત્યેક માનવીમાં ગુણ સાથે અવગુણ હોવાના જ. શું સારું છે અને શું નરસું એ વાત સમાજ પોતાની સગવડ અનુસાર નક્કી કરે છે. પરંતુ જે લોકો સમાજની ભલાઈ માટે કોઈ ખોટું કામ કરે તો તે વિલન ન જ હોઈ શકે. અને આ વાત જ્યારે પડદા પર રજૂ કરવામાં આવે ત્યારે લોકોના ગળા નીચે શીરાની જેમ ઉતરી જાય.

'ખલનાયક ગણાતા લોકોમાં માત્ર અવગુણ જ હોય એવું માની લેવું ભૂલભર્યું ગણાય. તમારે વ્યક્તિગત મંતવ્યો કોરાણે મૂકીને તેમને સમજવા પડે. કોઈપણ વ્યક્તિ ન તો સર્વગુણસંપન્ન હોય છે કે ન તો સાવ જ છેલ્લી પાટલીએ બેસાડવી પડે એવી હોય છે.'

અભિનેત્રીને આ સીરિઝમાં પરિણિતી ચોપરા અને જેનિફર વિંગેટ સાથે કામ કરવાનું બહુ ગમ્યું હતું. તે કહે છે કે પરિણિતીનો આત્મવિશ્વાસ મારા મન પર ઘેરો પ્રભાવ છોડી ગયો છે. પ્રસૂતિ પછી તેનું વજન વધી ગયું છે તેથી સોશ્યલ મીડિયા પર તેને કેટલી વગોવવામાં આવી. પરંતુ અભિનેત્રી તેને કારણે જરાય વિચલિત નથી થઈ. તેનો આત્મવિશ્વાસ તેના જેવા તબક્કામાંથી પસાર થતી અન્ય મહિલાઓ માટે પ્રેરણાસ્રોત બની શકે તેમ છે.

આ શોના શૂટિંગ દરમિયાન હરલીનને જેનિફર વિંગેટ સાથે ગાઢ દોસ્તી બંધાઈ ગઈ. તે જેનિફરના વિવાહમાં પણ ઉપસ્થિત રહી હતી. હરલીન કહે છે કે અમે દોઢ વર્ષ અગાઉ 'શક :...'નું શૂટિંગ કરી રહ્યાં હતાં ત્યારે જેનિફરે મને તેના વિલિયમ ઈશમેલ સાથેના પ્રેમ સંબંધની વાત કરી હતી. મેં તેને વિલિયમની સ્ત્રીમિત્રમાંથી વાગદત્તા અને વાગદત્તામાંથી પત્ની બનતા જોઈ છે. હું તેના જીવનની આ ખૂબસુરત સફરની સાક્ષી છું. આ શોએ મને જેનિફર વિંગેટ જેવી સખીની ભેટ આપી છે. ■

એક-એક આંસુની કિંમત સમજાવતી ફિલ્મ: રુદાલી

દાસ્તાન-એ-સિનેમા

નિનાદ ગજજર

'એક દિવસ રડ્યાં તો ખ્યાલ આવ્યો કે, સમુદ્ર જ એકલો ખારો નથી હોતો. અને એક દિવસ એટલું બધું કે પછી ફરી ક્યારેય આંસુ નીકળ્યા જ નહીં.' જીવનમાં દુઃખ તો સૌના ભાગમાં છે. પણ, કેટલાક એવા કમનસીબ કે, બીજાના દુઃખને પોતાનું માની લે. બીજાના દુઃખને જીવે. બીજા માટે આંસુની નદીઓ વહાવે. એટલી હદે કે, જ્યારે પોતાના જીવનમાં દુઃખ આવે ત્યારે આંસુઓ જ બળવો કરે. રડવું છે પણ આંસુ જ ન નીકળે. ત્યારે, અન્ય લોકો તો કહેતા કહે, પણ તેમનું અંતરમન કહી દે કે, બસ, હવે નહીં! સાંભળવા, વાંચવામાં અજીબ લાગતી વાત હકીકત છે. તેનું લાઈટ વર્ઝન તમારી આજુબાજુ જ જોવા મળશે. જે વ્યક્તિ ૧૦૩ તાવ સાથે કામ પર જતો હોય તે બીજાને ચાર-પાંચ છીંક આવી જાય તો પણ બાધા રાખી લે. અરે, તમે નાસ લીધો કે નહીં? એક આર્યુવેદિક દવા છે, મોકલાવું? બીજા માટે એટલી બધી સહાનુભૂતિ, સંવેદના કે પોતાની પીડા સમજમાં જ ન આવે. કોઈના ૧૦૦ વર્ષના દાદી લાંબી બીમારી બાદ મૃત્યુ પામે તો જેના દાદી હતા તે ભલે બીજા દિવસે પીત્ઝા ઝાપટતો. આ વ્યક્તિ ૧૦-૧૫ દિવસ સુધી શોકમાં જીવે. વિચારે, એમણે ખાધું હશે? નહીં ખાધું હોય ? તે ભૂલીને કે, બીજાને આપવામાં આવતી પ્રાથમિકતા તેનું જીવન જ હાંસિયામાં ધકેલી દેશે. સંવેદના સારી પણ એટલી બધી નહીં કે, પોતાની વેદના જ ન સમજાય. અને જેને તમારી વેદના ન સમજાય તેને માટે સંવેદના કેવી? આ સવાલ પૂછતી ફિલ્મ ગુરુ દત્તના ભત્રીજી અને શ્યામ બેનેગલના આસિસ્ટન્ટ રહેલા કલ્પના લાજમીએ બનાવી. ફિલ્મનું નામ હતું, 'રુદાલી'.





> 'એક દિવસ રડ્યાં તો ખ્યાલ આવ્યો કે, સમુદ્ર જ એકલો ખારો નથી હોતો... અને એક દિવસ એટલું બધું રડ્યાં કે પછી ફરી ક્યારેય આંસુ નીકળ્યાં જ નહીં.'

રુદાલી એટલે શું?

એક એવો સમય હતો જ્યારે, જમીનદારો શોક મનાવવા માટે માણસો ભાડે રાખતા. તેમના પરિવારમાં કોઈનું અવસાન થાય એટલે પ્રતિષ્ઠાના બંધનમાં બંધાયેલી તેમની સ્ત્રીઓ જાહેરમાં રડી નહોતી શક્તી. એટલે તેઓ ગરીબ ઘરની મહિલાઓને બોલાવતા. તેઓ પોક મૂકીને રડતી. છાતી કૂટતી. અને ભૂખ્યા પેટે પોતાના ઘરે પાછી ફરતી. કારણ કે, માનવામાં આવતું કે, તેમના આંસુઓની પણ ચોક્કસ કિંમત હતી. આ ક્રૂર શોક કરનારને 'રુદાલી' કહેવામાં આવતા. ભારતના પ્રસિદ્ધ લેખિકા મહાશ્વેતા દેવીએ 'રુદાલી' નામની એક શોર્ટ સ્ટોરી લખી હતી. તેના પરથી જ આ ફિલ્મ બનાવવામાં આવી.

મહાશ્વેતા દેવીની કહાણી

મહાશ્વેતા દેવીનો જન્મ ૧૪ જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ ઢાકામાં થયો હતો. તેમના પિતા મનીષ ઘટક કવિ અને નવલકથાકાર હતા. તેમના કાકા ઋત્વિક ઘટક ફિલ્મ નિર્માતા હતા. તેમનું પહેલું પુસ્તક ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના જીવન પર આધારિત 'ઝાંસીર રાણી' (૧૯૫૬) હતું. આ પુસ્તક માટે તેમણે ઝાંસી પ્રદેશમાં ફરીને વાર્તા ભેગી કરી હતી. મહાન આદિવાસી નેતા બિરસા મૂંડાના જીવન પર આધારિત 'અરણ્યેર અધિકાર' બદલ તેમને ૧૯૭૯માં સાહિત્ય અકાદમી એવોર્ડ મળ્યો હતો. ત્યારબાદ, જ્ઞાનપીઠ (૧૯૯૬), રેમન મેગ્સેસે પુરસ્કાર (૧૯૯૭) અને પદ્મ વિભૂષણ (૨૦૦૬) મળ્યા. ૯૦ વર્ષની વયે ૨૮ જુલાઈ ૨૦૧૬ના રોજ કોલકાતામાં તેમનું અવસાન થયું. તેઓ જ્યારે, વાર્તા લખતા ત્યારે કોઈ રૂમમાં પૂરાઈને નહોતા લખતા. જે તે સમાજ વચ્ચે રહેતા. તેમના વિશે જાણતા. અને તેમના દર્દ, પીડાને પુસ્તકના પાના પર ઉતારતા. એટલે જ તેમની ૧૯૭૯માં પ્રકાશિત થયેલી શોર્ટ સ્ટોરી 'રુદાલી' વાંચનાર પર પોતાની આગવી છાપ છોડે છે. તેમની આ શોર્ટ સ્ટોરીએ કલ્પના લાજમી પર છાપ છોડી. એવી કે, તેમને અદભૂત ફિલ્મ બનાવવાની પ્રેરણા મળી.

કલ્પના લાજમીની હિંમત

તમારી પાસે એક વિષય છે, વાર્તા છે, તેને તમે દર્શકો સમક્ષ કઈ રીતે લાવશો? આ સવાલ એવો જેનો જવાબ દરેક નાટ્યકાર અને ફિલ્મમેકરે આપવો પડ્યો છે. કલ્પના લાજમી મહાશ્વેતા દેવીની શોર્ટ સ્ટોરી 'રુદાલી'થી પ્રેરિત હતા. વિચારતા હતા કે, આ વિષય પર ફિલ્મ જરૂરી છે. તેમની પહેલી ફિલ્મ 'એક પલ' (૧૯૮૬) સ્ત્રીના અંગત જીવન અને સંબંધોની જટિલતા પર આધારિત હતી. પરંતુ, ફિલ્મ ખાસ ચાલી નહોતી. તેમણે વિચાર્યું કે, 'રુદાલી' માટે ખાસ લોકોને સાથે લાવવા પડશે. ૧૯૭૧માં સેંટ ઝેવિયર્સના સ્ટૂડન્ટ હતા ત્યારે તેમની મુલાકાત આસામી મ્યુઝિશિયન અને સિંગર ભૂપેન હઝારિકા સાથે થઈ હતી. તેમણે આ ફિલ્મનું મ્યુઝિક ભૂપેન હઝારિકાને સોંપ્યું. હવે, ફિલ્મ માટે એવા સ્ટારની જરૂર હતી, જેને જોઈને દર્શકો થિયેટર સુધી આવે. આ માટે તેમણે ડિમ્પલ કાપડિયાની પસંદગી કરી. વાર્તા પર એક વખત ફરી કામ કર્યું. ગુલઝાર સાથે સ્ટોરીને ફરી લખી. એક પ્રેમ કહાણી ઉમેરી. વાર્તાને જેસલમેર ખસેડી.

> મહાશ્વેતા દેવીની શોર્ટ સ્ટોરી 'રુદાલી'ને લઈને કલ્પના લાજમીએ ફિલ્મ બનાવી. ડિમ્પલ કાપડિયાની એક્ટિંગ અને ભૂપેન હજારિકાના મ્યુઝિકે તેને યાદગાર બનાવી દીધી.



શનિચરીની પીડા

ફિલ્મનું મેઈન કેરેક્ટર શનિચરી છે. ગામના લોકો દરેક બાબતે તેને દોષ આપે છે. પિતાનું મૃત્યુ, માતાનું ભાગી જવું કે તેમના જીવનની કોઈપણ નિષ્ફળતા, તેનું કારણ તેઓ શનિચરીને ગણાવે છે. તેના લગ્ન એક દારુડિયા સાથે થાય છે. પતિ ગુમાવે છે. અને પછી દીકરાનો પ્રેમ. એક દિવસ આ બધું તે ભિખની નામની એક સ્ત્રીને કહે છે. આટલી બધી પીડા હોવા છતાં તેની આંખમાંથી એક આંસુનું ટીપું નથી પડતું. એવું નથી કે, તે કઠોર છે. જીવનના દુઃખે તેને એટલી હદે ખાલી કરી નાખી હોય છે.

ડિમ્પલ અને સિમ્પલ કાપડિયા

'રુદાલી' ફિલ્મની સૌથી મોટી તાકાત ડિમ્પલ કાપડિયાએ પ્લે કરેલું કેરેક્ટર શનિચરી છે. ડિમ્પલ તો પહેલી ફિલ્મ 'બોબી'થી જ પોપ્યુલર હતા. 'બોબી'માં તેમના લૂક વિશે કહેવામાં આવ્યું હતું કે, લૂક ખૂબ ગ્લેમરસ હતું એટલે તેઓ પોપ્યુલર થયા. પરંતુ, 'રુદાલી'માં તેઓ ગ્લેમરથી દૂર હોવા છતાં લોકોને ખૂબ પસંદ આવ્યા. આ તેમના અભિનયની તાકાત હતી. શનિચરીના જીવનમાં દુઃખ જ દુઃખ છે, આ દુઃખને વ્યક્ત કરવા ડિમ્પલ કાપડિયા ડાયલોગ નહીં. ચહેરાના હાવભાવ અને મૌનનો ઉપયોગ કરે છે. તેમનો 'રુદાલી' લૂક ઈન-સ્ટાઈલ રહ્યો. આજે પણ છે. તેની પાછળ બહેન સિમ્પલ કાપડિયાની મહેનત હતી. ડિમ્પલને બેસ્ટ એક્ટિંગ માટે નેશનલ એવોર્ડ મળ્યો. જ્યારે, બહેન સિમ્પલને બેસ્ટ ડ્રેસ ડિઝાઈન માટે માલા ડે સાથે નેશનલ એવોર્ડ મળ્યો.

કલાકારોની ફોજ

ફિલ્મમાં ડિમ્પલ કાપડિયા સિવાય રાખી ગુલઝાર, રાજ બબ્બર, રઘુબીર યાદવ, અમજદ ખાન, પ્રમોદ બાલા, સુસ્મિતા મુખર્જી, મીતા વશિષ્ટ સહિતના સ્ટાર્સ છે.

ભૂપેન હઝારિકાનું મ્યુઝિક

રાગ ભૂપાલીમાં ગવાયેલું 'દિલ હૂમ હૂમ કરે...' ફિલ્મના ટકી રહેવા પાછળનું કારણ છે. આ સોંગના બે વર્ઝન છે. એક લતા મંગેશકરનું અને એક હઝારિકાનું. તેમણે આ સોંગને ૧૯૬૪ની ફિલ્મ મણિરામ દેવાનના આસામી સોંગ પરથી ડેવલપ કર્યું હતું. તે સોંગમાં 'હોમ હોમ' શબ્દનો ઉપયોગ કર્યો હતો. ગુલઝારે સૂચવ્યું કે, હિંદી વર્ઝનમાં સામાન્ય 'ધક ધક' કરતા 'હૂમ હૂમ' યુઝ કરીએ તો કંઈક અલગ ઈફેક્ટ આવશે. કલ્પના લાજમીને લાગ્યું કે, સોંગ કદાચ ફિમેલ વોઈઝમાં હોવું જોઈતું હતું. છતાં તેમણે ભૂપેન હઝારિકાનો અવાજ રાખ્યો કારણ કે, તેમાં ઈમોશનલ ફેક્ટર વધારે લાગ્યો. આ સોંગને કારણે આસામના ફેમસ સિંગર, વર્લ્ડ ફેમસ બન્યા. આ ફિલ્મમાં 'સમય ઓ ધીરે ચલો..' સહિતના સોંગ્સ છે.

ઓસ્કાર સુધીની રેસ

૧૯૯૩માં આ ફિલ્મને ૬૬મા એકેડમી એવોર્ડ્સ (ઓસ્કાર)માં બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મની શ્રેણીમાં ભારતની ઓફિશિયલ એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી હતી. પરંતુ, ફિલ્મ આગળ પહોંચી શકી નહોતી. ફિલ્મ ૪૦મા નેશનલ એવોર્ડ્સમાં ત્રણ એવોર્ડ જીતી હતી. ડિમ્પલ કાપડિયા દમાસકસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ અને એશિયા-પેસિફિક ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ જીત્યાં હતાં.

મર્મવેધી સવાલ

આ ફિલ્મ સવાલ પૂછે છે. તે પૂછે કે, તમે કોને માટે રડી રહ્યા છો? એવી તો કોઈ પરિસ્થિતિ નથી ને કે જેને તમે ઊભી કરી છે? બાકી, એક દિવસ બોલી ઉઠશો કે, 'એક દિવસ રડ્યાં તો ખ્યાલ આવ્યો કે, સમુદ્ર જ એકલો ખારો નથી હોતો. અને એક દિવસ એટલું બધું કે પછી ફરી ક્યારેય આંસુ નીકળ્યા જ નહીં.' ■

ડેઝી શાહ: મારા માટે મારું સૌથી મોટું 'ધન' તો પરિવાર છે!

દિવાળીમાં તેમાંય ખાસ કરીને ધન તેરસના દિવસે સોનાની ખરીદીની અનેરી પરંપરા આપણે ત્યાં પ્રચલિત છે. એમાંય ધન તેરસ તો સમૃદ્ધિ અને સુખાકારીનો અનેરો દિવસ છે. આ સંજોગોમાં અભિનેત્રી ડેઝી શાહ એવું પ્રતિબિંબિત કરે છે કે સંપત્તિ અંગેનો તેનો વિચાર તો સોનાની પરંપરાગત ખરીદીથી એક ડગલું આગળ વધે છે. આ અંગે ડેઝી કહે છે, 'મારા માટે, આ તો આપણા જીવનમાં સમૃદ્ધિ, સકારાત્મકતા, સારા સ્વાસ્થ્ય અને આનંદ-ખુશીનું સ્વાગત કરવા વિશે છે... મને લાગે છે કે સંપત્તિ હંમેશા ઘરણાં કે નાણાંથી માપી શકાતી નથી, પણ તેનું સાચું મૂલ્ય તો આપણી આસપાસ રહેતા લોકો, આપણને મળતો પ્રેમ અને આપણે જે માણીએ છીએ-અનુભવીએ છીએ તે માનસિક શાંતિના સ્વરૂપ પર અવલંબિત છે,'



> 'આજની યુવા પેઢી સોનું ખરીદવાથી દૂર થઈ રહી છે એવું લાગી રહ્યું છે, પણ હું તો માનું છું કે પરંપરાગત અને આધુનિક રોકાણો એક સાથે હાથમાં હાથ ઝાલીને ચાલી શકે છે.'

એમ તે ઉમેરે છે.

ડેઝી પોતાની કિંમતી સંપત્તિ શી છે? એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે જણાવ્યું એ તો મારો પરિવાર છે. આ સંદર્ભે તો તેણે જણાવ્યું 'હું તો કહીશ કે મારું સૌથી ઉત્તમ ધન તો મારો પરિવાર છે અને એ જ મારી ઉત્તમ અસ્ક્યામત છે.' તહેવારો સંદર્ભની બાળપણની સ્મૃતિઓને યાદ કરતાં ડેઝી કહે છે, 'મને તો ધનતેરસની આસપાસનો બાળપણનો ઉત્સાહ આજેય યાદ છે. ઘરની સફાઇ અને સજાવટ, દિવાળીની તૈયારી અને કૌટુંબિક પરંપરાનું પાલન! હું નાની હતી તે વખતે હું એ પણ શીખી હતી કે તહેવારો વેળા થતી તમારી ઉજવણી કેટલી ખર્ચાળ છે એ અંગે ઝાઝું વિચારવાનું જરૂરી નથી, પણ તેની સાથે કેવી લાગણી આપણા દિલ સાથે જોડાયેલી છે, તે વિશે છે.'

ધનતેરસની ખરીદી અંગેની વાત કરતાં ડેઝીએ તેના પ્રિયજનો માટે કેવી ખરીદી કરે છે તે અંગે વાત કરતાં કહ્યું હતું કે 'ખરેખર તો હું કંઇક અર્થપૂર્ણ ખરીદવામાં માનું છું - પછી ભલે તે ઘર હોય કે મારા પરિવારજનો! મને કંઇ પણ વસ્તુ ખરીદીને તેને આપવાથી વધુ તો એ આપવાથી મને જે ખુશી થાય છે, એ વધુ મહત્વની અને ખાસ હોય છે. આ પ્રસંગે, આજની યુવા પેઢી સોનું ખરીદવાથી દૂર થઇ રહી છે એવું લાગી રહ્યું છે ત્યારે હું તો માનું છું કે પરંપરાગત અને આધુનિક રોકાણો એક સાથે હાથમાં હાથ ઝાલીને ચાલી શકે છે. દરેક અભિગમનું તેનું પોતાનું અનેરું મહત્વ હોય છે. સોનું તો પરંપરા અને સમૃદ્ધિ સાથે સંકળાયેલું છે જ્યારે આધુનિક રોકાણો આપણાં ભવિષ્યને સુરક્ષિત કરે છે. વ્યક્તિગત રીતે તો હું પરંપરાઓને વ્યાવહારિકતા સાથે સંતુલિત કરવામાં માનું છું,' એમ ડેઝી શાહે જણાવ્યું હતું. ■

રોમેન્ટિક રણબીર કપૂરની અતરંગ વાતો

રામાયણ ફિલ્મમાં પ્રભુ રામનો રોલ ભજવીની રણબીર કપૂર ચર્ચામાં આવી ગયો . તેણે રામના પાત્રને યોગ્ય ન્યાય આપ્યો હોવાથી દર્શકો તેનાથી પ્રભાવિત થઈ ગયા હતા. કપૂર પરિવારના આ પુત્ર વિશે ઘણી રોચક વાતો છે જે અહીં જણાવામાં આવી છે.

- રણબીર કપૂરનું નામ તેના દાદાજીના નામ પરથી રાખવામાં આવ્યું છે. બહુ ઓછા લોકો જાણે છે કે રાજકપૂરનું અસલી નામ રણબીર પૃથ્વીરાજ કપૂર હતું.
- પોતાના પરિવારમાં તે પ્રથમ એવી વ્યક્તિ હતો જેણે દસમુ ધોરણ પાસ કર્યા પછી ગ્રેજ્યુએશન પુરુ કર્યું હતું.
- રણબીર કપૂર નાના નીતુ કપૂરનો લાડલો હતો. તે તેનો જ ડાયટ પ્લાન તૈયાર કરતી હતી અને જ્યાં સુધી તે ઘરની બહાર નહોતો નીકળ્યો ત્યાં સુધી તે જ પુત્ર રણબીરના નખ કાપતી હતી.
- રણબીર કપૂરે પોતાની પ્રથમ કમાણીમાંથી એક લકઝરિયસ વોચ ખરીદી હતી.
- રસ્તા પર ચાલતી વખતે રણબીરકપૂર દરેક કારના નંબર જોઈને તેનો સરવાળો કરવાની આદત છે.
- રણબીર કપૂર સંજય દત્તની બાયોપિકમાં સંજૂની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મના પ્રમોશન દરમિયાન અભિનેતાએ પોતે પણ નિકોટિનનો એડિક્ટ હોવાની વાત કરી હતી. તેણે કકહ્યું હતું કે, તે ૧૫ વરસનોહતો ત્યારથી તેને નિકોટીનની આદત છે. તેણે ચાર મહિના સિગારેટ પીવાનું છોડી દીધું હતું. પરંતુ પછીથી તેણે ફરી સિગારેટ પીવાનું શરૂ કરી દીધું હતું.
- રણબીરના માતા પિતા નીતૂ અને ઋષિ કપૂર વચ્ચે વારંવાર ઊગ્ર ઝઘડા થતા હતા. તે બાબતે એક ઈન્ટરવ્યુ દરમિયાન રણબીર કપૂરે કહ્યું હતું કે મારા માતા-પિતા વચ્ચે ઘણી વખત ઊગ્ર ઝઘડા થતા હતા. ત્યારે, અમારા ઘરના પગથિયા પર બેસી જતો હતો.મારા પેરન્ટસના લગ્નજીવનમાં બહુ ચડ-ઊતર આવી હતી અને તેની અસર મારા જીવન પર ન પડે તેનું મારી માતા બહુ ધ્યાન રાખથી હતી. પરંતુ એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું કે મારો ઉછેર બહુ લાડપ્યારથી થયો નથી મેં પણ ઘણી મુસીબતો વેઠી છે અને ઘણી ખરાબ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. મારા માતા-પિતા વચ્ચેના ઊગ્ર ઝઘડાઓ જોઇને ેક પુરુષ અને મહિલાનો સંબંધ કેટલો જટિલ હોઇ શકે તેની મને જાણ થઇ હતી.
- રણબીર કપૂરે પ્રેમ સંબંધોમાં યુવતીઓને દગો આપવાની વાત વિશે એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું. તેણે કહ્યું હતું કે, મારી નાદાની, અનુભવહીનતા, ફાયદો મેળવવાની લાલચ અને અશિષ્ટતાને કારણે મેં ઘણી અભિનેત્રીઓ સાથે અફેયર કરી હતી.
- રણબીરે ૧૫ વરસની વયે જ વર્ઝિનીટિ ગુમાવી હોવાની વાતને કબૂલી હતી. તેણે ગાંજા આલ્કોહોલ અને સિગારેટ બાબતો પણ સ્પષ્ટતા કરી હતી.
- રણબીરના જીવનમાં દીપિકા પદુકોણ, કેટરિના કેફ, સોનમ કપૂર, પ્રિયંકાચોપરા, નરગિસ ફખ્રી સાથે નામ જોડાયું.
- રણબીરની ડેબ્યૂ ફિલ્મ સાંવરિયા દરમિયાન સોનમ કપૂર સાથે અને ફિલ્મ અનજાના અનજાની દરમિયાન પ્રિયંકા ચોપરા સાથે.તેમજ રાક્સ્ટાર ફિલ્મ દરમિયાન નરગિસ ફખ્રી અને પાકિસ્તાની અભિનેત્રી માહિરા ખાન સાથે તેના અફેયરની ચર્ચા રહી હતી.
- તેના જીવનમાં દીપિકા પદુકોણ આવી અને તેમના સંબંધોની ચર્ચામાં લોકોને રસ આવવા લાગ્યોપરંતું બન્નેનું બ્રેક્અપ થઇ ગયું. રણબીરથી પ્રેમભંગ થયા પછી દીપિકા પદુકોણ ડિપ્રેશનનો શિકાર બની હતી અને તેના જીવનમાં મુશ્કેલીઓ આવી ગઇ હતી. એક ઈન્ટરવ્યુ દરમિયાન દીપિકા પદુકોણે જણાવ્યું હતું કે, તેણે રણબીરને કોઈની સાથે રંગેહાથ પકડ્યો હતો અને તેની સાથે પ્રેમનું તે નાટક કરી રહ્યો હોવાનું તેણે અનુભવ્યું હતું. આ પછી બન્ને છૂટા પડી ગયા હતા.
- દીપિકાથી છૂટા પડ્યાપછી રણબીર કેટરિના કૈફના પ્રેમમાં પડ્યો. બન્ને સાત વરસ સુધી લિવઈન રિલેશનશિપમાં રહ્યા હતા. કહેવાય છે કે, કેટરિના તેના જીવનમાં આવ્યા પછી પિતા ઋષિ કપૂર સાથે તેના સંબંધો બગડ્યા હતા. પિતાને કેટરિના કૈફ પસંદ નહોતી તેણે રણબીરના જીવનમાં તેને સ્વીકારી નહોતી. પરિણામે રણબીર પિતાથી અલગ રહેવા જતો રહ્યો હતો જેનાથી ઋષિ કપૂર વધુ ક્રોધે ભરાયો હતો.કેટરિનાએ પિતા-પુત્રના સંબંધમાં તિરાડ પાડી હોવાનું ઋષિ કપૂરના મગજમાં ઠસી ગયું હતું.જોકે પછીથી તો રણબીરનું કેટરિના સાથે પણ બ્રેકઅપ થઇ ગયું હતું અને આલિયા ભટ્ટ સાથે રંગેચંગે પરિવાર બનાવી દીધો. ■



> 'મારો ઉછેર બહુ લાડપ્યારથી થયો નથી. મારા માતા-પિતા વચ્ચે થતા ઉગ્ર ઝઘડા જોઈને સ્ત્રી-પુરુષનો સંબંધ કેટલો જટિલ હોઈ શકે છે તેની મને જાણ થઈ હતી.'

શું પ્રભાસની આગામી ફિલ્મ 'ફૌઝી'માં એતિહાસિક તથ્યોની વિકૃત રજૂઆત થઈ છે?

પ્રભાસની આગામી ફિલ્મ 'ફૌઝી'નું ટિઝર રિલિઝ તેના ૪૭માં જન્મદિવસે થયું એ સાથે જ તે વિવાદના વમળમાં ફસાઈ પડી છે. સ્વાતંત્ર્ય સેનાની સુભાષચંદ્ર બોઝ અને જર્મન સરમુખત્યાર એડોલ્ફ હિટલરના ચિત્રણ પર આધારિત આ ફિલ્મ પર સુભાષચંદ્ર બોઝના પૌત્ર ચંદ્ર કુમાર બોઝે જ આક્ષેપ કર્યો છે કે આ ફિલ્મમાં ઈતિહાસને અત્યંત વિકૃત સ્વરૂપમાં પેશ કરાયો છે અને તેથી તેને તત્કાળ દૂર કરવો જોઈએ. તેમણે ફિલ્મ નિર્માતાઓને એવી પણ અરજ કરી છે કે તેઓ અને ખુદ પ્રભાસ પણ આ બાબતને ધ્યાનમાં લઈ ઐતિહાસિક ક્ષતિઓને શક્ય એટલી વહેલી દૂર કરશે.

'ફૌઝી' ફિલ્મનું દિગ્દર્શન હનુ રાઘવ પુડી દ્વારા કરાયું છે. આ એક એકશન-પીરિયડ ફિલ્મ છે, જેનું વિશાળ ફલક પર નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ૨૩ ઓકટોબરે પ્રભાસનો જન્મદિવસ હતો અને તે દિવસે આ ફિલ્મનું 'ફાઈલ નંબર ૨૫' નામનું ટિઝર રિલીઝ કરાયું છે.



સુભાષચંદ્ર બોઝ અને હિટલર પર આધારિત આ ફિલ્મમાં ઈતિહાસને વિકૃત સ્વરૂપમાં પેશ કરવામાં આવી છે એવો સુભાષબાબુના પૌત્ર ચંદ્રકુમાર બોઝનો આક્ષેપ છે

સામાજિક-રાજકીય નેતા સુપર્ણો સતપથિએ 'એક્સ' પર ટિઝર રોર કર્યા પછી આ અંગે વધુ ચર્ચા શરૂ થઈ. લેખક કાલિંદી ચરણ પાણીગ્રહિના પ્રપૌત્ર અને ઓડિશાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નંદિની સતપથિના પૌત્ર, સતપથિએ આ ટિઝરની પ્રશંસા કરી હતી, પરંતુ ઐતિહાસિક વિભૂતિઓની સાથે કાલ્પનિક વાર્તાઓના મિશ્રણ અંગે વાંધો વ્યક્ત કર્યો છે.

સતપથિએ 'એક્સ' પર લખ્યું : 'પ્રિય, હનુરાઘવ પુડી ગુરુ આ ટિઝરને તો એક જ શબ્દમાં વર્ણવી શકાય- જે છે 'ગુઝ-બમ્પસ'... તેમ છતાં ઈતિહાસ સાથે કાલ્પનિકતા ભેળવવી એ સારો વિચાર તો નથી જ ૧૯ માર્ચ, ૨૦૨૭ના રોજ રિલીઝ માટે શુભેચ્છાઓ! નેતાજી ઝિંદાબાદ! જય હિન્દ!... એસએસ.'

ચંદ્રકુમાર બોઝે સતપથિની પોસ્ટ ફરીથી પોસ્ટ કરી અને કાલ્પનિક વાર્તાઓનું મિશ્રણ કહ્યું અને ફિલ્મનો ઈતિહાસ એક ગંભીર બાબત છે. એમ જણાવ્યું. ચંદ્ર કુમાર બોઝે દિગ્દર્શક અને નિર્માણ ટીમને ટિઝર પાછું ખેંચવા અને સુધારેલું સંસ્કરણ રિલીઝ કરવા જણાવ્યું.

'ઈતિહાસ સાથે કાલ્પનિક વાર્તાનું મિશ્રણ એ તો ગુનો છે. મને આશા છે કે હનુ રાઘવ પુઠી અને નિર્માણ ટીમ આ ટિઝરને દૂર કરશે અને નવું સંસ્કરણ બહાર પાડશે અને ખાતરી કરશે કે ઈતિહાસ વિકૃત નહીં થાય,' એમ તેમણે લખ્યું. તેમણે એમ પણ ઉમેર્યું કે 'આશા છે કે પ્રભાસને પણ આ વાંચવા મળશે.' આ સાથે જ તેમણે દિગ્દર્શક પાસે જાહેરમાં માફી માગવાની માગણી પણ કરી છે.

ચંદ્ર કુમાર બોઝે એક મુલાકાતમાં એમ પણ જણાવ્યું હતું કે 'ફિલ્મ નિર્માતાઓ સ્વાતંત્ર્ય સંગ્રામ ચિત્રણ કરી શકે છે, પરંતુ તેમણે ઐતિહાસિક તથ્યો અને તેની ઓકસાઈ જાળવી રાખવી જોઈએ. રાષ્ટ્રીય પ્રતિભાઓ સાથે વ્યવહાર કરતી વખતે તથ્યોને વિકૃત કરવા અને કાલ્પનિકતાનો આશરો લેવો એ મારા માટે ગુનો છે.' આ સાથે જ તેમણે વધુમાં ઉમેર્યું હતું કે 'નેતાજીએ જાણ્યું કે જર્મનીના હિટલર અને જાપાનના હિંદુઓ જો તે સમયે ભારતની સ્વાતંત્ર્ય સંગ્રામમાં મદદ કરી શકે છે.' તેમણે ફાંસીવાદનો વિરોધ કર્યો હતો અને લોકશાહી તથા લોકોની અધિકારોમાં માનતા હતા. આ સાથે જ ચંદ્ર કુમાર બોઝે ઉમેર્યું હતું કે 'નેતાજીએ હિટલર સાથે સમાન વર્તન કર્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે દિગ્દર્શક હનુ રાઘવ પુડીએ તેમની મુલાકાતને સનસનાટીભરી બનાવી હતી. દિગ્દર્શકે ભારતના લોકો, દેશના સ્વાતંત્ર્ય સંગ્રામને મહત્વ આપનારા તમામ લોકોની માફી માગવી જોઈએ.

આમ પ્રભાસની આતિહાસિક ફલક ધરાવતી ફિલ્મ તો રિલિઝ પહેલાં જ ગંભીર વિવાદમાં સપડાઈ પડી છે. ત્યારે આશા રાખીએ કે આવી ફિલ્મો યોગ્ય પરિપેક્ષ્ય સાથે જ રજૂ થાય. ■

'ઈતિહાસ સાથે કાલ્પનિક વાર્તાનું મિશ્રણ એ તો ગુનો છે. મને આશા છે કે હનુ રાઘવ પુડી અને નિર્માણ ટીમ ફિલ્મના ટીઝરને પાછું ખેંચી લેશે અને નવું સંસ્કરણ રિલીઝ કરશે.'

SOCIAL સર્કલ

અમિતાભ અને અગસ્ત્યઃ અપેક્ષાનો એવરેસ્ટ



અમિતાભ બચ્ચન નામના આ જુવાન ડોસલાનું શું કરવું? પેલું કહે છેને, એક હી દિલ હૈ, કિતની બાર જીતોગે? આ તસવીરમાં બિગ બી સાથે સ્મોલ 'એ' દ્રષ્ટિગોચર થાય છે. સ્મોલ 'એ' એટલે અગત્સ્ય નંદા. બચ્ચનપુત્રી શ્વેતાનો સુપુત્ર. અગત્સ્યના બર્થડે પર કદાચ હોમ જિમમાં ખુશખુશાલ નાનાજી અમિતાભે આ તસવીર ખેંચી હતી. અગત્સ્ય ફિલ્મી દુનિયામાં પોતાનું સ્થાન બનાવવા માટે 'આર્ચીઝ'ના સમયથી મથી રહ્યો છે. ઝોયા અખ્તરે ડિરેક્ટ કરી હોવા છતાં આ ફિલ્મ જરાય સારી નહોતી બની તે વાતનું આશ્ચર્ય હજુય શમ્યું નથી. ખેર, આ તસવીરમાં ડંબેલ્સનું વેઈટ ઉંચકીને ઊભેલા અગસ્ત્યને માલૂમ થાય કે અમિતાભના રક્તસંબંધી હોવું જરાય સહેલું નથી. તારા પર સતત ઓડિયન્સની અપેક્ષાનું વેઈટ એટલું હદે લદાયેલું રહેશે કે... ન ખાતરી થતી હોય તો પૂછી લે અભિષેકમામાને.

પરિણીતી ચોપડાઃ હું ને મારી અગ્ગુ



બર્થડેની વાત જ નીકળી છે તો ભેગાભેગી આ વાત પણ કરી જ લઈએ. ગ્લોબલ સ્પોર્ટ્સસ્ટાર સાનિયા મિરઝાના બર્થડે પર પરિણિતી ચોપડાએ સોશિયલ મિડીયા પર એક પોસ્ટ શેર કરીને મસ્ત પીડીએ (પબ્લિક ડિસ્પ્લે ઓફ અફેક્શન) કર્યું. પરિણિતીએ કેપ્શનમાં લખ્યું: 'વ્હાય... વ્હાય... વ્હાય ડુ આ લવ યુ સો મચ? બિકોઝ યુ આર રિયલ. બિકોઝ યુ આર નોર્મલ... હેપી બર્થડે માય અગ્ગુ, I wuv you.' ચાલો, આ સાથે આપણને બે નવી વાત જાણવા મળી. એક તો એ કે, સાનિયા મિરઝાનું લાડકું નામ અગ્ગુ છે, અને બીજું, જો તમને કોઈના પર બહુ પ્રેમ છલકાઈ આવે તો તમારે નાના બચ્ચાની જેમ કાલી-કાલી ભાષામાં 'આઈ લવ યુ'ને બદલે I wuv you. કહેવાનું. સ્વીટ!

ભુવન બાબાનાં પ્રેરણાનાં પડીકાં



ડિજિટલ ક્રાંતિ અને યુટ્યુબે જે કેટલાક સ્ટાર્સ આપ્યા છે એમાં ભુવન બામનું નામ ખાસ લેવું પડે. પોતાના ઘરના એક ઓરડામાં એક હાથે મોબાઈલ ઝાલીને કોમેડી વીડિયો બનાવવાની શરૂઆત કરનાર ભુવનના 'ઢિંઢોરા' વેબ શોની બીજી સિઝનના આજે મહાનગરોમાં મસમોટાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં છે. ભુવનનો હરખ માતો નથી. એક સોશિયલ મિડીયા પોસ્ટમાં આ તસવીર શેર કરીને એ થનગન થનગન થતાં લખે છે: 'નંબર વન શો ઓન નેટફ્લિક્સ... અગર કહીં દિખ જાઉં તો ગલે લગા લેના. બહોત જ્યાદા ઈમોશનલ હૂં. 'ઢિંઢોરા-ટુ' કો ઇતના પ્યાર દેને કે લિયે શુક્રિયા...' બ્લા બ્લા બ્લા... આટલું કહીને ભુવન ઉમેરે છે: 'યે પોસ્ટ ઉનકે લિયે હૈ જો સપને દેખતે હૈં. મંઝિલ દૂર ઝરુર હૈ, લેકિન પહુંચ જાઓગે એક દિન...' હવે તમે અમારા એક સવાલનો જવાબ આપોઃ સફળ થતાંની સાથે જ અમુક સેલિબ્રિટીઓ લોકોને જિંદગીનાં મહાન સત્યોનું જ્ઞાન પિરસવા કેમ લાગી જતા હોય છે? તારું શું કહેવું છે, રાજ શમાની?



નવું શું છે?

■ બોક્સઓફિસ પર તરખાટ મચાવનાર સરપ્રાઈઝ હિટ 'હનુમાન અંશ' જોઈ હતી તમે? જો ન જોઈ હોય તો જાણી લો કે આ ફિલ્મનું સ્ટ્રીમિંગ આજથી જ શરૂ થઈ ગયું છે. વિશાલ ચતુર્વેદીએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં આધ્યાત્મિક ગુરૂ નીમકરોલી બાબાના જીવનની લૌકિક-અલૌકિક વાતો હૃદયસ્પર્શી રીતે કંડારાઈ છે. 'હનુમાન અંશ' તમે આજથી સોનીલિવ પર જોઈ શકો છો.

■ 'સ્વીટપી' એક ડાર્ક કોમેડી થ્રિલર સિરીઝ છે. રિઆનોન નામની એક યુવતી છે, જેણે જિંદગીમાં ખૂબ રિજેક્શન સહ્યાં છે. સ્કૂલમાં એને ખૂબ હેરાન કરવામાં આવી હતી. એક બાજુ એના પિતાનું મૃત્યુ થાય છે અને બીજી બાજુ સ્કૂલમાં એની હાલત ખરાબ કરી દેનાર વ્યક્તિ કોણ જાણે ક્યાંથી પાછી એના જીવનમાં આવે છે. રિઆનોનને ખબર પડે છે કે એના ફાધરનું મૃત્યુ જેટલું દેખાય છે એટલું સરળ નહોતું. આ શો તમે જિઓહોટસ્ટાર પર જોઈ શકો છો.

■ ક્યારેય તમિળ વેબ સિરીઝ માણી છે તમે? જો ના, તો તમે 'નોટબુક નાઈન્ટીઝ - કધલ ફ્લેશબેક' નામના વેબ શોથી શરૂઆત કરી શકો. ગૌતમ અને ગાયત્રી વચ્ચે સ્કૂલના જમાનાથી દોસ્તી છે. શરૂઆત તો એક પ્રેન્ક એટલે કે તોફાનથી થઈ હતી, પણ ધીમે ધીમે બન્ને વચ્ચે પહલા પહલા પ્યાર વિકસે છે. આ શો તમે સોનીલિવ પર જોઈ શકો છો.

■ સુપરહિટ મૂવી સિરીઝ 'દ્રશ્યમ: ધ કન્ક્યુઝન'ના ખૂબ વખાણ થયા છે. અજય દેવગણ અને તબુને ચમકાવતી ફિલ્મમાં આ વખતે જયદીપ અહલાવત પણ ઉમેરાયા છે. શું અજય દેવગણ આ વખતે પણ પોલીસ ડિપાર્ટમેન્ટને મ્હાત કરવામાં સફળ થાય છે? 'દ્રશ્યમ-થ્રી' તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો, આજથી જ.



શેફાલી શાહ : હજી પણ નવા પ્રોજેક્ટનો આરંભ ગભરાવે છે

દીવી, ફિલ્મો અને ઓટીટી જેવા મનોરંજનના ત્રણેય માધ્યમોમાં પોતાની છાપ છોડનારા કલાકારોનો પરિચય આપવાની જરૂર ન હોય. અભિનેત્રી શેફાલી શાહ પણ આવા કલાકારોમાંની એક છે. મહત્વની વાત એ છે કે તાજેતરમાં તેમનું પુસ્તક 'ધ ઓડેસિટી ઓફ બીઈંગ : અ સોર્ટ ઓફ મેમોયર' પ્રકાશિત થયું. શેફાલી કહે છે કે આ પુસ્તક સંપૂર્ણપણે પ્રામાણિકતાથી લખાયું છે. હા, જે મુદ્દે વાત નહોતી કરવી એ મુદ્દા જ છોડી દીધાં છે. પણ જે લખ્યું છે કે શતપ્રતિશત સાચું છે. મેં તેમાં મારા પતિ અને સંતાનો વિશે લખવા માટે પણ તેમની સંમતિ લીધી હતી.

'એક અદાકારા તરીકે મને સતત લાગ્યા કરે કે હું મારું કામ સરખી રીતે કરી રહી છું કે કેમ. ખરું કહું તો ક્યારેક ક્યારેક જ મને મારું પોતાનું કામ ગમે છે. અને તે વખતે હું ગર્વનો અનુભવ કરું છું. હું સ્વયંને સારી રીતે સ્વીકારી નથી શકતી.'

શેફાલીને એમ સ્વીકારતા જરાય સંકોચ નથી થતો કે નાનપણથી અત્યાર સુધી તેને પોતાના ઉપર સંદેહ રહ્યો છે. એક અદાકારા તરીકે મને સતત એમ લાગ્યા કરે કે હું મારું કામ સરખી રીતે કરી રહી છું કે કેમ. ખરું કહું તો ક્યારેક ક્યારેક જ મને મારું પોતાનું કામ ગમે છે. અને તે વખતે હું ગર્વનો અનુભવ કરું છું. હું સ્વયંને સારી રીતે સ્વીકારી નથી શકી. હા, જ્યારે કોઈ પ્રોજેક્ટ પછી પ્રશંસા કે પુરસ્કાર મળે ત્યારે લાગે કે મેં સારું કામ કર્યું છે. પરંતુ નવો પ્રોજેક્ટ હાથ ધરું ત્યારે મનમાં ગભરામણ ચાલ્યા કરે. અભિનેત્રી વધુમાં કહે છે કે કિશોરાવસ્થામાં મને એમ લાગતું જાણે મારું માથું મોટું છે અને મારા ચહેરા પર ખિલ છે તેથી હું સુંદર નથી દેખાતી. જો કે મારી મમ્મી મને કહેતી કે હું ખૂબસુરત છું. પરંતુ એ વયમાં તો સખી- સહેલીઓ પ્રસંસા કરે તો જ સાચું લાગે. અને મારી સહિયરો મારી પ્રશંસા નહોતી કરતી.

તમને જાણીનું આશ્ચર્ય થશે કે શેફાલીએ લોકપ્રિયતાના શિખરો સર કરનાર ફિલ્મ 'રંગીલા'માં ચાર જ દિવસ કામ કરીને એક્ઝિટ લઈ લીધી હતી. આજે તેને આ વાતનો અફસોસ છે. અભિનેત્રી કહે છે કે મારો એ નિર્ણય મૂર્ખતાભર્યો હતો. વાસ્તવમાં મારી તેના મુખ્ય પાત્ર સર્જક રામગોપાલ વર્માએ મને 'સત્યા'ની ઓફર આપી. તેમાં મારો રોલ માત્ર સાત મિનિટનો હતો, આમ છતાં આ ફિલ્મે મને ઓળખ આપી.

શેફાલીના પહેલા લગ્ન હર્ષ છાયા સાથે થયાં હતા, પરંતુ અદાકારા તેના વિશે ખાસ વાત કરવા નથી ઈચ્છતી. તે માત્ર એટલું જ કહે છે કે જે બાબતથી તમને દુ:ખ થાય તેને તમે ક્યાં સુધી ઝાલી રાખી શકો? તમે કેટલો સમય લઘુતાગ્રંથિથી પીડાઈ શકો? કોઈપણ સંબંધ બંને તરફથી નભે. અગાઉ મેં આ સંબંધ બાબતે સ્પષ્ટતા કરી હતી તેથી તેના વિશે ફરીથી વાત કરવા નથી માગતી. મને કોઈની ઉપર આરોપ મૂકવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. બસ, એટલું જ કહીશ કે એ સંબંધ મારા માટે સારો નહોતો. કોઈક વખત કોઈક સંબંધ ન નભે તે દુખની વાત ગણાય. પરંતુ અંતે તેનો સ્વીકાર કર્યે છુટકો. આવા કોઈ સંબંધનો અંત આણવા પણ હિમ્મત જોઈએ.

અભિનેત્રીના વિપુલ શાહ સાથેનાં લગ્નને પણ પચીસ વર્ષના વહાણા વાઈ ગયા છે. અને વિપુલને કંઈ થાય તો શેફાલીનો જીવ તાળવે ચોંટી જાય છે. વિપુલને ડેંગ્યુ થયો ત્યારે શેફાલીનો એક એક દિવસ ભારે ગયો હતો. ■

